Published from : B/5, Swastik Apt.
Narayannagar, Paldi, Ahmedabad - 380 007

Published on 10th of every month
Yearly Subscription Rs. 50/-

હરિઃ ૐ

# હરિભાવ

Year : 20 - Issue : 11

August, 2016



વિચારોની સાંકળ ન જોડો.

• • •

ન એના વિના તે કશુંયે વિચારો.

• • •

બીજાના વિચારે રખે દોરવાતું,
વિચારે તું તારા ભલે ખાય ગોથું.

-શ્રીમોટા



પૂજ્ય શ્રીમોટાના શ્રીસદ્‌ગુરુ પૂજ્ય શ્રીકેશવાનંદજી-ધૂણીવાળા દાદાજી

## એને પ્રેમે ભજે તેને, જીવન ફેરવાવશે.

તા. ૨૫-૧૨-૧૯૭૦ — શ્રીમોટા

‘હરિવાણી ટ્રસ્ટ’ દ્વારા પ્રકાશિત જીવનવિકાસની ભાવના પ્રસારતું માસિકપત્ર

# હરિભાવ

સંપાદક : પ્રભુદાસ જાની
સહાયક : વિવેક દેસાઈ

વર્ષ : ૨૦ અંક : ૧૧ ઑગષ્ટ ૨૦૧૬

## અનુક્રમ

૧. ભૂત-પ્રેત .................................... શ્રીમોટા ૪
૨. તમારી કમાણીમાં ભગવાનનો ભાગ છે, તે ન આપો તો તમે ચોર છો ! ................. શ્રીમોટા ૬
૩. ગૃહસ્થિયોં કે લિયે પંચયજ્ઞ ...... શ્રીરણછોડદાસજી મહારાજ ૭
૪. સ્મરણથી સંકલ્પશક્તિ બળવાન બને છે . બાબા સાહનસિંહ ૯
૫. મમતા માનવમાં નહિ, ભગવાનમાં રાખો ..................... ડોંગરે મહારાજ ૧૦
૬. જન્મદિવસનું મહત્ત્વ ................................ શ્રીમોટા ૧૨
૭. મંગળદાસને દીક્ષિત કરી શ્રીમોટાએ એમનું રક્ષણ કર્યું ................................ કેસરી ૧૩
૮. ચૂનીભાઈ (શ્રીમોટા) બધાંનાં છે, પણ બધાં એમનાં થતાં નથી ....... સુવર્ણકાંતિ પી. દેસાઈ ૧૫
૯. મોટા ‘માવડી’ ..................... ગુલાબરાય મંકોડી ૧૬
૧૦. તપસ્વી જાફર સાદિક .............. અનુ. જગજીવન પાઠક ૧૯
૧૧. પદ્યપ્રસાદી ................................ શ્રીમોટા ૨૧
૧૨. સંસાર અને કર્મ એકબીજાં સાથે સંકળાયેલાં છે ..... શ્રીમોટા ૨૨
૧૩. પગે લાગે મેળ નહિ પડે, તું આશ્રમનું કંઈક કામ કર, પૈસા ઉઘરાવ.’ શ્રીમોટા ...... જયંતીભાઈ જાની ૨૩

## સહયોગ

૧. ચૅરિટેબલ ટ્રસ્ટ, વડોદરા
૨. સદ્‌ગત શ્રી મિનેષકુમાર લક્ષ્મીપ્રસાદ અમીન પરિવાર, અમદાવાદ.
૩. સદ્‌ગત ચંદ્રમણિબહેન ચંદુભાઈ પટેલના દેહાંત નિમિત્તે હસ્તે એન.સી.પટેલ પરિવાર, અમેરિકા.

આ સર્વેના અમે ખૂબ ખૂબ આભારી છીએ.

-સંપાદક

પ્રકાશન સ્થળ :
બી/૫, સ્વસ્તિક ઍપાર્ટમેન્ટ,
નારાયણનગર, પાલડી,
અમદાવાદ-૩૮૦ ૦૦૭

**ટ્રસ્ટીમંડળ**
શ્રી ગિરીશ પંડ્યા (મૅનેજિંગ ટ્રસ્ટી)
શ્રી પ્રભુદાસ જાની, શ્રી વિવેક દેસાઈ
શ્રી બીરેન પટેલ
શ્રીમતી દર્શિની સુનીલ ઉપાધ્યાય
શ્રીમતી નીમા મીનેષ અમીન

**સરનામાના ફેરફાર અંગે, ‘હરિભાવ’ ન મળવા અંગે તથા પૂછપરછ માટે સંપર્ક : શ્રી સુરેશ વૉરા**
Mo. / SMS / Whatsapp - 9427554391

**વાર્ષિક લવાજમ**
ભારતમાં રૂ. ૫૦/-
પરદેશ રૂ. ૬૦૦/- (ઍરમેઈલથી)
એકથી પાંચ વર્ષ સુધીનાં લવાજમ સ્વીકારાય છે.

**પત્રવ્યવહાર/લવાજમ/ભેટ/મોકલવા માટે**
‘હરિવાણી ટ્રસ્ટ’, C/o. ૧૧, દાદા રોકડનાથ સોસાયટી, નારાયણનગર, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
ફોન : (૦૭૯)૨૬૬૩૫૮૭૩
ભેટની રકમ ઈન્કમટૅક્સ ઍક્ટની કલમ ૮૦(જી) (૫) નીચે કરરાહતને પાત્ર છે.
ચેક/ડીડી ‘હરિવાણી ટ્રસ્ટ’ ના નામે લખવો

**ઈ-બૅંકિંગ : ખાતાનું નામ : ‘હરિવાણી ટ્રસ્ટ’**
યૂકો બૅંક, નારાયણનગર બ્રાંચ, અમદાવાદ-૩૮૦૦૦૭
બચત ખાતા નં.: ૧૬૮૭૦૧૦૦૦૦૩૦૮૮
IFS Code : UCBA0001687
બૅંક દ્વારા રકમ મોકલતાં તેની સ્લીપ, નામ, સરનામું અને ફોન નંબર સાથે વિગત અમોને મોકલશોજી.
Email : hariwanitrust@gmail.com

**હરિઃૐ આશ્રમ, સુરતની વેબસાઈટ**
**www.hariommota.org** ઉપર
**હરિભાવ ઉપલબ્ધ હોય છે.**
ફોન : (૦૨૬૧)૨૭૬૫૫૬૪, ૨૭૭૧૦૪૬

ટાઈપ સેટિંગ : **અર્થ કૉમ્પ્યૂટર, મો. ૯૩૨૭૦૩૬૪૧૪**

* Subject to Ahmedabad Jurisdiction

જીવદશાવાળાના મૃત્યુ પછી એનું સૂક્ષ્મ શરીર પૃથ્વીના વાતાવરણમાં રહે. પૃથ્વીના વાતાવરણથી પાંચ સાત આઠ માઈલ સુધીના વિસ્તારમાં રહે. અનુભવીનું સૂક્ષ્મ શરીર જુદા પ્રકારનું. જીવદશાવાળાના સૂક્ષ્મ શરીરને ફરીથી અવતરવાનું હોય એટલે પૃથ્વીના વાતાવરણમાં રહે. યથાકાળે એ વાગોળતાં વાગોળતાં અટકે ત્યારે એ જન્મ લે છે. એ વાગોળવાનું કેટલો વખત ચાલે એનું કંઈ નિશ્ચિત ધોરણ નથી. અનેક જન્મોનાં કરેલાં કર્મોનું વાગોળવાનું ત્યાં પૃથ્વીના વાતાવરણના અવકાશમાં બને છે.

અત્યંત આવેગવાળી કોઈ ઇચ્છા હોય અથવા તો કોઈ માણસ આપઘાત કરે તો એ દશાને કારણે એ ભૂત-પ્રેત થાય છે. આવેગના કારણે એ ઝેર-બેર પી લે છે, પણ પીધા પછી શરીર છોડતી વખતે એના મનાદિની જે સ્થિતિ થાય છે એ બહુ ભયંકર હોય છે. જીવદશામાં જેના પરત્વે એને દંશ રહ્યો છે, તે દંશ જતો નથી. કાયમ રહે છે. પછી એ પ્રેત તેને કોઈ ને કોઈ રીતે હેરાન કરે છે. એને વાગોળવાનું નહિ થાય-બિલકુલ નહિ. એ લોકોનો ઉદ્ધાર એની મેળે વખત આવતાં થાય છે. કેટલાંકને ઘણો કાળ લાગે છે.

પ્રેત એટલે 'એબ્રપ્ટ સ્ટેઈન ઑફ સ્ટ્રૉંગ ડિઝાયર' અથવા તો કોઈ જીવ હોય, એને પોતાનાં બૈરીછોકરાં, વેપારધંધો વગેરે માટે ઘણો મોહ હોય. માલમિલકત વગેરે પર પુષ્કળ આસક્તિ હોય. એવાને અકાળે મરવાનું થાય, એ એને બહુ કારમું લાગે. તોપણ એ પ્રેત થાય.

એટલે ઉંમર થાય એટલે માણસે ધીમે ધીમે આ સંસારમાંથી આસક્તિ ઓછામાં ઓછી કરતાં જવું, એ એના પોતાના માટે સારું છે.

પ્રેત ઍપ્ટ મિડિયમમાં પ્રવેશીને ભોગવે છે. એ ભોગવ્યા પછી એનો નવો જન્મ થવાની શક્યતા ઊભી થાય, પણ ભોગવવાથી જીવને સંતોષ ના થાય. આપણા કરતાં એની ભોગવવાની તૃષ્ણા બહુ જબરી-ઈન્ટેન્સિટીવાળી. આપણામાં જે ઇચ્છા, તૃષ્ણા થાય તે જળ અને પૃથ્વીતત્ત્વને લીધે ટૂંકાઈ જાય છે. એની માત્રા ઓછી થાય. જ્યારે પેલાને-પ્રેતને જળ અને પૃથ્વીતત્ત્વ છે નહિ. એટલે એટલી બધી વધે કે જેની કોઈ સીમા નહિ. એને ઍપ્ટ મિડિયમ જોઈએ. એવા મિડિયમમાં એ ભોગવે. ત્યારે પેલા જીવનું શરીર પણ આને લીધે લથડી જાય.

એવા વખતે પેલો માણસ હરિસ્મરણ કરે તો-પેલા પ્રેતની તૃષ્ણા પૂરી ન થાય તો એણે જતા રહેવું પડે. એનું કારણ કે એનું ઍપ્ટ મિડિયમ રહે નહિ. નામસ્મરણથી એની ભૂમિકા બદલાઈ જાય. એટલે એનાથી ન રહી શકાય. પ્રેત એનું કશું બગાડી ન શકે.

મારા જીવન સાથે સંકળાયેલા એવા બે કિસ્સા બનેલા. એક તો આ નંદુભાઈની પેઢીમાં એક

નોકર હતો. દક્ષિણમાં એક ઠેકાણે ધોધ પડે છે, તે નંદુભાઈના ભાઈ ને બીજાં બધાં ત્યાં આનંદ કરવા ત્યાં ફરવા ગયેલાં. એ માણસ કહે કે ધોધની છેક નીચે કૂવો છે. એમાં આ છોકરાને લઈને જઉં અને તરીને બહાર નીકળું. મેં કહ્યું, 'અલ્યા મરવું છે ? બૈરીછોકરાં છે કે નહિ ? લાવ.' એમ કરીને મેં એ છોકરાને લઈ લીધો. પછી એ તો પેલા વહેરા પાસે આમતેમ ફરવા લાગ્યો. અમે કહ્યું કે 'ભાઈ, તું આવતો રહે. આ લીલ બાઝેલી છે અને લપસીશ તો પડીશ'-આમ બોલીએ છીએ ત્યાં તો એ પડ્યો અને મરી ગયો. એ ભૂત થયેલો.

એ નોકરના મનમાં એમ કે મોટાએ કેમ મને ઉગાર્યો નહિ ? મને એટલા બધા ધક્કા મારે ! શરૂઆતમાં તો મને સમજણ ના પડી. જ્યાં ત્યાં ધક્કા મારે ને હું પડી જઉં. મને વાગે પણ ખરું. નંદલાલના મામાએ મને પડી જતો જોયેલો. પાછળથી સુસવાટાબંધ પવન વાતો હોય એવું લાગે. મને થતું કે 'આ શું થાય છે ?' પછી એક વખત મેં ધ્યાનમાં બેસીને જોયું ત્યારે મને સમજણ પડી. અત્યારે તો મારે ધ્યાનમાં બેસવાનીય જરૂર ન પડે. પણ ત્યારે મારે ધ્યાનમાં બેસવું પડતું. પછી અમારાં મૌનમંદિરના ઓરડામાં એ પ્રેતને રાખેલો. પછી એની સારી દશા થઈ ગઈ.

બીજો એક કિસ્સો મુંબઈમાં બનેલો. એક સ્વજનની દીકરી એમએસ.સી. થયેલી. કોઈના પ્રેમમાં હતી. એના બાપે બીજે ઠેકાણે વિવાહ કરેલો. એ છોકરી ભણેલીગણેલી. બીજા સાથે એને બનત નહિ. એ છોકરા સાથે એવું નક્કી કરેલું કે પરણાય એવી સ્થિતિ નથી. માટે હવે મરી જવું. પોતે એમએસ.સી. થયેલી. એટલે શું ખાતાં તરત જ મરી જવાય એ જાણે. પેલાને પડીકું આપ્યું. છોકરી ખાઈ ગઈ, પણ પેલા છોકરાને નંદલાલે સમજાવીને વારેલો એટલે એ બચી ગયેલો.

આ છોકરી પ્રેત થયેલી. મારે અને એમને ઘરોબો ખરો. મેં એના બાપને કહ્યું કે હું એને સંભાળી લઈશ. એ પ્રેત ઘણી વખત સુરત આશ્રમમાં રાત્રે અવાજો કરે. એ વખતે ડાહીબહેન મારી સાથે રહેતાં હતાં. તેમણે એ અવાજો સાંભળેલા. મેં એમને નહિ કહેલું કે આ પ્રેતના અવાજો છે. નહિતર એ ગભરાય. મને એણે બિવડાવવાના ઘણા પ્રયત્ન કરેલા. પછી ઠેકાણે આવી ગયેલી.

આમાં બળાત્કાર ના ચાલે. ભાવનો પણ બળાત્કાર ના જોઈએ. ધીમે ધીમે કરીને કામ સધાય છે. પછી તો એનો હવન પણ મારે કરવો પડેલો. અડદ અને સાત જાતના લોટ લેવા પડેલા અને એનું પૂતળું બનાવેલું અને હવન કરીને એને હવનમાં હોમવાનું. એમાં ઘી હોમવાનું, એટલે પૂરેપૂરું બળી શકે. મંત્રોચ્ચાર કરીને એને બાળવાનું. એટલે પેલા પ્રેતની મુક્તિ થાય. આવી પ્રોસેસ હું કંઈ જાણું નહિ, પણ મને એવી પ્રેરણા થાય, એ પ્રમાણે હું કરું.

'ગ્રહ-ગ્રહણ', પ્ર. આ., પૃ. ૪૩ ❑

***નોંધ :*** *હરિઃૐ આશ્રમ, સુરત દ્વારા પ્રકાશિત 'જન્મ-મૃત્યુના રાસ'ની છેલ્લી આવૃત્તિમાં આ દીકરીના પ્રસંગની વિગતો ઉપલબ્ધ છે.-**સં.***

## (૨) તમારી કમાણીમાં ભગવાનનો ભાગ છે, તે ન આપો તો તમે ચોર છો ! શ્રીમોટા

એકવાર ત્રિચીનાપલ્લી મોટરમાં જતો હતો ત્યારે અહીં ભીખુકાકાએ મને કહ્યું કે, 'મોટા, સુરતમાં અહીં આશ્રમ કરો તો સારું.' અને એમ કરતાં આશ્રમની શરૂઆત થઈ. આશ્રમ માટે ઝીણાભાઈએ અને ભીખુકાકાએ ટાંટિયાની કઢી કરી છે. તમે બધાં ભલે જુદા હો પણ બધાં ભગવાનના જ હાથ છો. તમે બધાં આશ્રમનું કામ કરો છો, તેનો બદલો તો તમને મારો ભગવાન જ આપશે.

આવા કાળમાં એકીસાથે ૧૦ કે ૧૫ કે ૨૫ હજાર રૂપિયા આપનારા પણ મળે છે. અને તેમાં હું ભગવાનનો હાથ જોઉં છું. મુનિમ લાખોનો વેપાર કરે પણ ભાર તો બધો શેઠ પર જ. નફો કે ખોટ બધું શેઠને માથે. એવી રીતે મારો ભગવાન બધો ભાર વહન કરે છે. મારો ભગવાન સૌને બદલો આપ્યા વગર રહેતો નથી. એની ખાતરી પણ થઈ શકે તેમ છે કે આ માણસ જીવતો જાગતો તમારી વચ્ચે બેઠો છે. તે તમે અનુભવ તો કરો.

તમને બૈરીછોકરાં સાથે રાગ, મોહ છે તો મને એકલાને શા માટે બાકી રાખો છો ? મારી સાથે પણ રાગ કરો, મોહ કરો, પણ તમે તો કહેશો, 'મોટા, અમારાથી એ ના બને.' કાંઈ નહિ, પણ મારું કામ તો ચાહવાનું છે. તમે ચાહો કે ન ચાહો એ સામે મારે અપેક્ષા નથી, પણ તમે પ્રયોગ તો કરો. ધનદોલત, આબરુ, પ્રતિષ્ઠા, સંસારવહેવાર એ તો ભગવાનની કૃપા છે, દયા છે. માણસ મોટો નથી. માણસ દ્વારા આપણે ભગવાનને મોટો સમજવાનો છે.

તમે બૈરીછોકરાં સાથે ભલે પ્રેમથી મસ્તીથી જીવો. ધનદોલત પણ કમાજો એની મારી ના નથી. પણ ભગવાનનું કામ વીસરશો નહિ. તમે કમાઓ છો તે તમારી બુદ્ધિથી, પણ બુદ્ધિ તો બહુ સૂક્ષ્મ છે. આ શરીર પીંખી નાખો પણ બુદ્ધિ કાંઈ એમ હાથ નહિ આવે. ત્યારે એ બુદ્ધિ કાંઈ તમારી નથી એ તો મારા ભગવાનની છે. તમે જે કાંઈ કમાઓ છો એમાં એનો પણ ભાગ છે. એનો ભાગ નહિ રાખો તો આપણે ચોર કહેવાઈશું. આ હું નથી કહેતો પણ ગીતામાતા કહે છે. અને ગીતા એ તો અનુભવનું શાસ્ત્ર છે. એટલે મારી તમને પ્રાર્થના છે, વિનંતી છે અને સલાહ પણ છે. એક મિત્ર તરીકે, સ્વજન તરીકે.

તમારી કમાણીમાંથી ભગવાનનો તમે ભાગ રાખો. નહિ તો આપણે ચોર ઠરીશું. ભગવાનનું આપેલું એલફેલપણે, યદ્વાતદ્વાપણે, સ્વચ્છંદપણે મોજશોખમાં વાપરીએ તો એ નહિ પચે. કાચો પારો પચે પણ એ નહિ પચે. એટલે બધું કરકસરથી વાપરવું જોઈએ. તમે કહેશો કે મોટા, 'તમે તો ગરીબ હતા એટલે તમને તો એ પ્રમાણેની ટેવ પડી ગઈ છે.' પણ એવું નથી ઊલટું એમ હોય તો તો ગરીબાઈમાં ખાસ કશું જોયેલું ન હોય અને એકદમ મળે તો તો બરોબર ઝાપટે. અમે તો ઘણી કરકસરથી રહીએ છીએ. કઠોળથી પણ ચલાવીએ. એવી સમજણથી જીવીએ છીએ.

'સ્વજનોને સંબોધન', પ્ર. આ., પૃ. ૫૮ ❏

# (૩) ગૃહસ્થિયોં કે લિયે પંચયજ્ઞ

શ્રીરણછોડદાસજી મહારાજ

જબ અપને જન્મતે હૈં તબ અપને માતા-પિતા, કુટુંબ, સમાજ ઈત્યાદિ કી સેવાયેં પ્રાપ્ત કરકે હી બડે હોતે હૈં. હમારે ઉપર ઈન સબકા ઋણ હૈ. ઈસીલિયે ઋણમુક્ત હોના હમારા પ્રથમ કર્તવ્ય હૈ.

હમારે યહાઁ ગૃહસ્થોં કે ઉપર ઋણ નક્કી કિયે ગયે હૈં. પિતૃઋણ-અર્થાત્ પિતાકા કર્જ, ઋષિઋણ-અર્થાત્ ગુરુઓં કા કર્જ ઔર દેવઋણ-અર્થાત્ પરમાત્મા કા કર્જ.

ઋષિઋણ મેં- ધર્મશાસ્ત્રોં કો જાનના, ઉનકે આદેશોં કા પાલન કરના, સંત-સાધુઓં કા સત્કાર કરના. દેવઋણ મેં-પરમાત્મા કો સર્વત્ર-સબ મેં વ્યાપક બિરાજિત દેખના ઔર સમાજ તથા પ્રાણીમાત્ર કી સેવા કરના.

ગૃહસ્થિઓં કે લિયે નિત્યપ્રતિ પંચયજ્ઞ કા વિધાન હૈ. ગૃહકાર્ય મેં, વ્યાપાર-ઉદ્યોગ મેં, અનિવાર્ય ઐસી પાઁચ પ્રકાર કી હિંસા કે અશુભ પરિણામ મિટાને કો યે પંચયજ્ઞ હૈં.

(૧) **બ્રહ્મયજ્ઞ :** જ્ઞાનવાન હોના. ધર્મજ્ઞાન કરના. સંસ્કૃતિ કી રક્ષા કરના. પરિવાર, સમાજ, દેશ કી ભલાઈ કે, સેવા કે, ત્યાગ કે સંસ્કાર પ્રાપ્ત કરના. હમારા કર્તવ્ય સેવાભાવ સે પૂરા કરને સે ઋણમુક્તિ હોતી હૈ.

(૨) **પિતૃયજ્ઞ :** આજકલ કઈ જગહ દેખને મેં આતા હૈ કિ પરિવાર કે બડે-બૂઢોં કે સાથ મેં યુવા-પીઢીકા મનમેલ નહીં હોતા (રહતા) હૈ. કલહ, ઝઘડે હોતે હૈં, પિતૃઋણ ચૂકાને કે લિયે પિતૃયજ્ઞ અનિવાર્ય હૈ.

વૃદ્ધ માતા-પિતા કી સબ તરહ સે સેવા કી જાતિ હૈ વહાઁ ઝઘડે નહીં હોતે હૈં. માતા-પિતા કા માન કરના, ઉનકી જરૂરતોં કો પૂરા કરના, ઉનકો સર્વ પ્રકાર સે સુખ-શાંતિ મેં રખના યહ પિતૃયજ્ઞ હૈ ઔર ઈસી કે દ્વારા પિતૃઋણ સે મુક્તિ હોતી હૈ.

ઈસ સંસાર મેં હમારે ઉપર સબસે અધિક ઋણ હમારે માતા-પિતાકા હૈ. નવ માસ પર્યંત ઉદર મેં ભાર વહન કરના પડતા હૈ. ઉસ કાલ મેં અસહ્ય કષ્ટ સહન કરના પડતા હૈ. બાલક કે જન્મ કે પશ્ચાત્ ભી બાલક કી પરાધીન અવસ્થા મેં સર્વ પ્રકાર સે ઉસકા રક્ષણ માતા-પિતા કરતે હૈં ઔર બાલક બડા હોવેં ઉસકે લિયે રાત-દિન બાલક કે પીછે કિતના ધ્યાન દેતે હૈં ! ખુદ ન ખાકર બાલક કો ખિલાતે હૈં. બાલક કે મૂત્ર સે ભીગી જગહ મેં માતા ખુદ સો કરકે ભી બાલક કો સુખી જગહ મેં સુલાતી હૈ.

ઈસ પ્રકાર અપને પ્રાણ સે ભી જ્યાદા બાલક કો સમ્હાલા કરતે હૈં. માતા-પિતા કે ઐસે મહાન ઋણ મેં સે મુક્ત હોના પુત્ર કે લિયે નિતાન્ત અસંભવ હૈ. માતા-પિતા કી પ્રેમપૂર્વક સેવા કરને સે ઈસ ઋણ સે હમ થોડાસા મુક્ત હો સકતે હૈં.

(૩) **દેવયજ્ઞ :** હમારા સબકા જીવન વાયુ કે ઉપર હૈ. પ્રાણવાયુ જિતની અચ્છી, શુદ્ધ હોગી, ઈતને સુદઢ હમારે શરીર વ મનકા સ્વાસ્થ્ય હોંગે. ઈસીલિયે વાયુ કી શુદ્ધિ કે હેતુ હોમ-હવન કા વિધાન હૈ. નિત્યપ્રતિ હોમ કરના ચાહિયે. સંધ્યાવંદના, પ્રાર્થના કરને ચાહિયે. ઔર રોજ પ્રાતઃકાલ સબકી ભલાઈ કે લિયે પ્રાર્થના કરની ચાહિયે કિ હે ભગવાન ! હમ સબ સદા સુખી રહેં, સબ સ્વસ્થ રહેં, પ્રસન્ન

રહેં, સબકા કલ્યાણ હો, કોઈ ભી દુઃખી ન હો.

**(૪) ભૂતયજ્ઞ :** પરિવાર કી ભૂખ-પ્યાસ કી ચિંતા કે સમાન હી દૂસરોં કી ભૂખ-પ્યાસ કી ચિંતા કરના. જો બીમાર હૈં, નિરધાર હૈં, લાચાર હૈં, ઉનકી ભૂખ મિટાના આપકા કર્તવ્ય હૈં. ઈસ કર્તવ્ય કો આપ નિભાતે નહીં તો આપ કર્તવ્યભ્રષ્ટ હૈં ઔર કર્તવ્યભ્રષ્ટતા અશુભ ફલ દેતી હૈ, યહ નિઃસંદેહ હૈ. ભૂતયજ્ઞ મેં પશુ-પક્ષી કે લિયે ભી આપ કે ભોજન મેં સે હિસ્સા દેને કો કહા ગયા હૈ.

**(૫) નૃયજ્ઞ :** યહ અતિથિ યજ્ઞ હૈ. બિના બુલાયે અચાનક આ જાયેં વહ અતિથિ-મેહમાન હૈ. ઉનકી સુખ-સુવિધાકા પ્રેમપૂર્વક, સન્માન-પૂર્વક ધ્યાન રખના ચાહિયે.

સારે પરિવાર ઈસી નિયમોં કે અનુસાર રહેં તો ઐસે પરિવારોંકા સમાજ પૂર્ણ સુખી હોગા. હમારી સંસ્કૃતિને રહન-સહનકા યહ શ્રેષ્ઠ ઢંગ હમકો દિયા હૈ જિસ મેં કોઈ ભી દુઃખી વ પરેશાન ન હોવેં. આજ જિતની ભી પરેશાનિયાઁ વ વિરોધ હૈ ઉસકા કારણ યહી હૈ કિ હમને ઈસ પ્રકાર કા હમારા રહન-સહન છોડ દિયા હૈ. સાદા જીવન ઔર ઊંચે વિચાર, હમારી પરંપરાગત જીવનશૈલી કો હમ ભૂલ ગયે હૈં.

'શ્રીગુરુદેવકી સંનિધિમેં-ભાગ-૭', પ્ર. આ., પૃ. ૨૮ ❑

## 'હરિવાણી ટ્રસ્ટ'ને મળેલ દાન-ભેટ

-સંપાદક

| ક્રમ | સર્વેશ્રી નામ | ગામ | રકમ રૂ. |
|---|---|---|---|
| ૧. | એક ચૅરિટેબલ ટ્રસ્ટ | વડોદરા | ૨૦,૦૦૦/- |
| ૨. | હરિવાણી ટ્રસ્ટના સદ્‌ગત ચૅરમૅનશ્રી લક્ષ્મીપ્રસાદ અમીનના સદ્‌ગત પુત્ર શ્રી મિનેષના સ્મરણાર્થે હસ્તે નીમાબહેન મિનેષકુમાર અમીન | અમદાવાદ | ૧૫,૦૦૦/- |
| ૩. | સદ્‌ગત માતુશ્રી ચંદ્રમણિબહેનના દેહાંત (તા.૪-૭-૧૬) નિમિત્તે હસ્તે શ્રી નિરંજનભાઈ ચંદુભાઈ પટેલ | નડિયાદ | ૧૧,૦૦૦/- |
| ૪. | શ્રી હેમકુમાર એ. મિસ્ત્રી તા.૨૪-૬ ના રોજ ૯૨મા વર્ષમાં પ્રવેશ નિમિત્તે | અમદાવાદ | ૧૦,૦૦૦/- |
| ૫. | શ્રી ગોવિંદભાઈ શંકરભાઈ પટેલ સદ્‌ગત ધર્મપત્ની પુષ્પાબહેનના સ્મરણાર્થે | સુરત | ૧૦,૦૦૦/- |
| ૬. | નિલમબહેન વી. પટેલ | રણાસણ | ૨,૦૦૦/- |
| ૭. | અર્જુનભાઈ આર. બારડ સદ્‌ગત ધર્મપત્ની ઈન્દુબહેનના સ્મરણાર્થે | અમદાવાદ | ૧,૧૧૧/- |
| ૮. | મંજુલાબહેન હર્ષદભાઈ પટેલ | મોટીખડોલ | ૧,૧૧૧/- |
| ૯. | કનૈયાલાલ આર. પટેલ ચિ. ક્રિશના જન્મદિન અને એક કાર્ય પૂર્ણ થયા નિમિત્તે | અમદાવાદ | ૧,૦૦૦/- |
| ૧૦. | એક સેવક | અમદાવાદ | ૧,૦૦૦/- |
| ૧૧. | નિરંજનભાઈ કડકીયા જન્મદિન (તા.૧૨-૬) નિમિત્તે | અમદાવાદ | ૫૦૧/- |
| ૧૨. | સરલાબહેન જગદીશભાઈ સોની | સુરત | ૫૦૧/- |
| ૧૩. | રણજિતલાલ આઈ. પોષ્ટીવાલા | સુરત | ૫૦૧/- |

**અન્ય દાનભેટની વિગત આવતા અંકે. આ સર્વેના અમો ખૂબ ખૂબ આભારી છીએ. -સંપાદક**

## (૪) સ્મરણથી સંકલ્પશક્તિ બળવાન બને છે

**બાબા સાવનસિંહજી**

'નામ' બધાંને માટે એક છે. ભલે હિંદુ તરીકે અંદર જાવ, શીખ-ખ્રિસ્તી કે કોઈ બીજા ધર્મના સભ્ય તરીકે જાવ.

ગુદા-ચક્રમાં ગણેશ છે, ઇંદ્રય-ચક્રમાં બ્રહ્મા છે, નાભિ-ચક્રમાં વિષ્ણુ છે, હૃદય-ચક્રમાં શિવ છે, કંઠ-ચક્રમાં શક્તિ છે અને આંખોની પાછળ આત્મા અને મન છે.

પરમાત્મા, સદ્‌ગુરુની કૃપાથી મળે છે. કરોડો ગ્રંથો વાંચી લો, કશું વળતું નથી. ગ્રંથ સાહેબને સો સો વાર ભોગ ધરાવો પણ એમને પૂછો કે અંદર કદી પ્રકાશ થયો ? તેઓ જવાબ આપે છે-'ના.' અંદર શાંતિ આવી ? 'ના.' સમસ્ત દુનિયા મનને આધીન છે. દુનિયા મનના કહ્યા મુજબ કામો કરે છે.

દુનિયામાં જેટલા યોગ છે, તેમાં સહજ યોગ છે. ગુરુ નાનક સાહેબ તથા અન્ય સંતોએ સહજયોગનો ઉલ્લેખ કર્યો છે. સહજયોગના અભ્યાસથી મન કાબૂમાં આવી જાય છે. ગુરુ જ સહજયોગનો ભેદ બતાવે છે. શિષ્ય, ગુરુ ઉપર શ્રદ્ધા રાખી કમાઈ કરતો નથી, ગુરુને અંતર પ્રત્યક્ષ કરતો નથી, ત્યાં સુધી ન તો તે અંદર જઈ શકે છે કે ન તો તેનું મન વશમાં આવે છે. **સ્મરણ કરવાથી સંકલ્પશક્તિ બળવાન બનતી જાય છે.**

જ્યારે પડદો ખૂલી ગયો, ગુરુ પ્રગટ થઈ ગયા પછી આફ્રિકા જાવ તો સદ્‌ગુરુ સાથે છે. અમેરિકા જાવ તો સદ્‌ગુરુ સાથે છે. ગુરુ પૂરા ન હોય તો શિષ્ય અંદર જઈ શકતો નથી. જો સદ્‌ગુરુ પૂરા હોય, પરંતુ શિષ્યને સદ્‌ગુરુ ઉપર પૂરો પ્રેમ ન હોય તો ભલે તે સો વર્ષ ભટકતો રહે તોપણ અંદર જઈ શકતો નથી. જો સદ્‌ગુરુ પૂરા હોય અને પ્યાર પણ પૂરો હોય તો જલદી પડદો ખૂલી જાય છે. ગુરુ નિર્મળ છે, આપણને નિર્મળ બનાવવા માટે તેમની જરૂર છે. **ગુરુ અરીસા જેવા છે. આપણને અરીસાની જરૂર છે. અરીસાને આપણી જરૂર નથી.**

માનવી આખી જિંદગી તીર્થો, મૂર્તિઓ, મંદિરો અને દેશો-પ્રદેશોમાં ફરતો રહ્યો. તેથી તો વિશેષ અહંકાર પેદા થયો કે મેં મારાં પાપો ધોઈ નાખ્યાં છે. અહંકાર સર્વ પાપોનું મૂળ છે.

આપણાં માબાપ, દીકરાદીકરીઓ અને અન્ય સગાં-સ્નેહીઓ જે છે, તે કર્મો અનુસાર કોઈ ક્યાંથી આવી ગયું અને એ રીતે પરિવાર બની ગયો. જેમ જેમ તેમનો વખત આવે છે એટલે કે લેણદેણ પૂરું થાય છે, તેમ તેમ તેઓ ચાલવા માંડે છે એટલે સંત-સદ્‌ગુરુ કહે છે કે તમે એમની સાથે લેણદેણ તથા બીજા કામકાજ કરો, પરંતુ એમાં ફસાવ નહિ, કારણ કે તેઓ તમારું સર્વસ્વ નથી અને ન તો મરતી વખતે તેઓ કોઈ સાથે આવે છે. આ સગાંઓ સાંસારિક મિત્રો છે, પરમાર્થના મિત્રો નથી. જ્યારે મોત આવે છે ત્યારે **આપણું કોઈ સંબંધી હોય તો એક સદ્‌ગુરુ અને બીજું નામ છે.** એટલે સંત કહે છે કે નામની કમાઈ કરો, જે તમારી સાથે જશે. આખી જિંદગી પરિવારનું ગધ્ધાવૈતરું ન કર, પોતાનું પણ કાંઈ કામ કર. કલાક-બેકલાક ભજન કર. જેથી દુનિયામાં રહેતાં રહેતાં શાંતિ મળે.

'સંતમન પ્રકાશ-૨', બીજી આ., પૃ. ૨૫૯ ❑

# (૫) મમતા માનવમાં નહિ, ભગવાનમાં રાખો

ડોંગરે મહારાજ

...વિદુરજીએ છત્રીસ વર્ષ યાત્રા કરી છે. સંતો તીર્થયાત્રા કરી તીર્થને પાવન કરે છે. વિદુરજીએ સાંભળ્યું કે કૌરવોનો વિનાશ થયો છે અને હસ્તિનાપુરની ગાદીએ ધર્મરાજ વિરાજેલા છે.

વિદુરજીને ભાઈ ધૃતરાષ્ટ્ર પ્રત્યે લાગણી છે. સો છોકરાં મરી ગયાં પણ હજી ઘર છોડતો નથી. તે ઘરમાં મરશે તો એનું મરણ બગડશે. તે ઘરમાં તેને અતિ આસક્તિ છે. વિદુરજી ભાઈનું મરણ સુધારવાની ભાવનાથી ઘેર આવ્યા છે. બધાંને આનંદ થયો છે.

ધૃતરાષ્ટ્રને મધ્યરાત્રિએ વિદુરજી સમજાવે છે કે તારા મુખ ઉપર મૃત્યુની છાયા દેખાય છે. ભીમને ઝેરના લાડુ ખવડાવ્યા, તે ભીમને ઘેર ખાંડના લાડુ ખાતાં તને શરમ નથી આવતી? પાંડવો ધર્મની મૂર્તિ છે. તારા વેરનો બદલો પ્રેમથી આપે છે. હવે જવાનો સમય થયો છે. આ ઘરમાં તું મરીશ તો તારું મરણ બગડશે.

ધૃતરાષ્ટ્રે કહ્યું કે, હું સમજું છું. મને ખરાબ સ્વપ્ન દેખાય છે. પણ હું શું કરું ? હું આંધળો છું. ક્યાં જાઉં ?

વિદુરજીએ કહ્યું કે ચાલ હું તને લઈ જઉં. દિવસે તો ધર્મરાજા જવા દે નહિ એટલે મધ્યરાત્રિના સમયે ગંગાકિનારે હરદ્વાર પાસે સપ્તસ્રોત તીર્થમાં વિદુરજી ધૃતરાષ્ટ્રને લઈ આવ્યા.

હિમાલયમાંથી ગંગાજી નીકળે છે. રસ્તામાં સાત ઋષિઓ બેઠા હતા, તે સાતેય ઋષિઓ ઊભા થયા. હાથ જોડી ગંગામૈયાની સ્તુતિ કરે છે, માને મનાવે છે, 'મા, મારા આશ્રમમાં પધારો.' સાતેય ઋષિ પ્રાર્થના કરે છે ત્યારે ગંગાજી સાત ધારાઓ પ્રગટ કરે છે. એક એક ઋષિના આશ્રમમાંથી ગંગાજીની એક એક ધારા ગઈ. સાત ધારાઓ પ્રગટ થઈ તેથી તેને સપ્તસ્રોત કહે છે. આ સાત ધારાઓ બ્રહ્મકુંડમાં ભેગી થાય છે. ગરમીના દિવસોમાં ગંગાજીની અલગ અલગ ધારાઓ આજે પણ દેખાય છે. ત્યાં વિદુરજી ધૃતરાષ્ટ્રને લઈ આવ્યા. વિદુરજીનો સત્સંગ થયો. ધૃતરાષ્ટ્ર હવે પરમાત્માનું ધ્યાન કરવા લાગ્યા.

ધર્મરાજાનો રોજનો નિયમ હતો કે કાકા-કાકીને વંદન કરવાં. આજે કાકા દેખાતા નથી. ધર્મરાજા ગભરાયા. 'મેં એમનાં છોકરાં માર્યા તેથી એ આત્મહત્યા કરવા તો ગયા નથીને? **ભગવાનના ભક્તો જ્યારે દુઃખી થાય છે ત્યારે વગર આમંત્રણે સંતો એમના ઘેર જાય છે.** આજે નારદજી પધાર્યા છે. ધર્મરાજાને સમજાવે છે કે હવે કાકાની ચિંતા ન કરો. વિદુરજીના સત્સંગથી હવે તેમનું મરણ સુધરશે. તમે તમારી ફરજ બજાવી છે. આજ સુધી કાકાની તમે બહુ સેવા કરી છે, પણ હવે કાકામાં તમે મમતા રાખો તે સારું નહિ.'

**કોઈ માનવમાં મમતા રાખશો નહિ, મમતા ભગવાનમાં રાખો.** કોઈ સ્ત્રીમાં, કોઈ પુરુષમાં મમતા રાખે તે બહુ રડે છે. દુઃખી થાય છે. ધર્મરાજાને નારદજી સમજાવે છે, 'આપણાં શાસ્ત્રોમાં લખ્યું છે કે પચાસ-પંચાવન વર્ષ થાય ત્યાં સુધી ઘરની-કુટુંબની કાળજી રાખવી

તે ખોટું નથી, પણ પંચાવન પછી પણ કાળજી રાખે તે સારું નથી. પચાસ-પંચાવન થાય એટલે છોકરાને ઘર સોંપી દેવું અને છોકરાઓ ભગવાનને સોંપી દેવા. ભગવાનને કહેજો કે આ છોકરાઓ તમારા છે, મારા નથી.'

પંચાવન થાય એટલે સાધારણ એવો નિયમ છે કે છોકરો પરણે છે અને ઘરમાં વહુ આવે છે. ત્યારે મનથી નિશ્ચય કરો કે હવે મારો વાનપ્રસ્થાશ્રમ શરૂ થયો. ઘરમાં વહુ આવે છતાં ઘરમાંથી કેટલાકનો મોહ છૂટતો નથી. ઘરમાં વહુ આવે એટલે સમજવું કે હવે મારે વનમાં જઈને ભક્તિ કરવાનો સમય આવ્યો છે. પંચાવન પછી સાવધાન થઈને ભક્તિ કરે તેનું મરણ સુધરે. પંચાવન પછી પણ ઘરમાં કુટુંબમાં બહુ આસક્તિ રાખે એનું મરણ બગડે.

ધર્મરાજાને નારદજી સમજાવે છે કે હવે કાકાના છ મહિના બાકી છે, તેમની ચિંતા કરશો નહિ. તમે તમારી ચિંતા કરો. કેટલાક તો એવા હોય છે કે મરણ પથારીએ પડે તોપણ એમને ઘરની ચિંતા હોય છે. આ દીકરીનું શું થશે ? આ ભાણાનું શું થશે ? અરે ! મર્યા પછી તારું શું થશે એની ચિંતા કરને ! પંચાવન પછી કુટુંબની ચિંતા છોડો. ભગવાનને બધું સોંપી દો.

સૌ જીવોમાં એક જ પરમાત્મા છે. એ પરમાત્માને ઓળખવાનો પ્રયત્ન કરો. કાકાને માટે રડો નહિ, હવે તમે તમારો વિચાર કરો કે મારે મારું મરણ સુધારવું છે. છ મહિના પછી દ્વાપર પૂરો થશે અને કળિયુગનો આરંભ થશે. નારદજી ધર્મરાજાને સાવધાન કરીને ગયા છે.

'શ્રીમદ્ ભાગવત રસામૃત', ૧૯મી આ., પૃ. ૧૦૯ ❑

## માતા દેહહૂતિને ઉપદેશ

**કપિલ નારાયણ**

મા, જ્યાં સુધી મનમાં કોઈ પણ સુખ મેળવવાની ઇચ્છા છે ત્યાં સુધી દુઃખનો અંત આવવાનો નથી.

સુખની ઇચ્છા પાછળ દુઃખ ઊભું જ છે. જ્યાં સુખ છે ત્યાં દુઃખ છે જ. જીવને આનંદની ભૂખ છે. આનંદમય એક ચેતન-પરમાત્મા જ છે. આનંદ કોઈ જડ વસ્તુમાં રહી શકે નહિ. સંસારના બધા જડ પદાર્થો પરિણામમાં દુઃખ જ આપે છે. બીજાથી આનંદ લેવા જાય તે દુઃખી થાય છે.

ભોજનમાં પણ આનંદ નથી. પેટમાં અજીર્ણ છે તેને ભોજનમાં આનંદ આવતો નથી. જમવાની તૈયારીમાં હોવ અને કોઈના દુઃખદ મરણના સમાચાર આવે તોપણ ભોજનનો આનંદ રહેતો નથી.

નિદ્રામાં આનંદ-શાંતિ મળે છે કારણ કે નિદ્રામાં સંસાર ભુલાય છે. પથારીમાં પડ્યા પછી ધીરે ધીરે જગત ભુલાય છે. નિદ્રામાં જેવું મન રહે છે તેવું જાગ્રત અવસ્થામાં રહે તો બેડો પાર છે.

મા, આનંદ-આત્માનું વાસ્તવિક રૂપ તમારું જ સ્વરૂપ છે. આનંદ તમારી અંદર જ છે.

મા, આત્મા પરમાત્માનો અંશ છે સુખ, દુઃખ એ આત્માનાં સહજ સ્વરૂપ નથી એ તો મનના ધર્મ છે. મનને થયેલા સુખદુઃખના આરોપ આત્મા પોતાના સ્વરૂપમાં કરે છે.

'શ્રીમદ્ ભાગવત રસામૃત', ૧૯મી આ., પૃ. ૨૧૩ ❑

# (૬) જન્મદિવસનું મહત્ત્વ

શ્રીમોટા

જન્મદિવસનું મહત્ત્વ આપણા હિંદુસ્તાનના દેશમાં જ માત્ર છે એવું નથી. પૃથ્વી પરના બધા જ દેશમાં છે. એનું રહસ્ય એ છે કે આ શરીર અમુક દિવસે અમુક ટાઇમે જન્મ્યું.એની સાથે બધું સંકળાયેલું છે.

આપણે તો પૂર્વજન્મમાં માનીએ છીએ. આ શરીર આ વખતે જન્મ્યું એનું અનુસંધાન પણ આગળ છે. એનો આધાર આપી શકાતો નથી. ઘણી વસ્તુઓના આપણે આધાર આપી શકતાં નથી, તેમ છતાં આપણે અનુભવથી માનીએ છીએ. એવી રીતે આ હકીકત છે.

**અનેક જન્મોથી એના એ જ દિવસે આપણે જન્મ્યાં હોઈએ.** તે જ વખતે અનેક જન્મોનું આપણે સાથે લઈને આવેલાં હોઈએ. એ ઉપરાંત, જે અનેક જન્મોનાં કર્મો, સંબંધો, અનેક પ્રકારના પૃથ્વીના ગુણો, (સત્ત્વ, રજસ અને તમસ) અને તત્ત્વો-આકાશ, તેજ, વા, જળ અને પૃથ્વી-એ બધાંયનાં આકર્ષણો એ વખતે જન્મ સમયે આપણી સાથે છે. ઉપરાંત, આપણે કરેલાં કર્મોના પરમાર્થ માટે કરેલું કર્મ હોય છે, તે કર્મના સંસ્કાર પણ સાથે છે.

આટલું બધું આટલામાં કેવી રીતે આવે ? તો એનું પ્રમાણ આપ્યું 'અંગુષ્ઠ' શાસ્ત્રમાં સૂક્ષ્મ શરીરને 'અંગૂઠા' જેવડું ગણાવ્યું છે, પણ એ દેખી શકાય એવું નહિ. એને લંબાઈ છે પણ પહોળાઈ નથી. એમાં અનેક જન્મોની લિંક હોય છે.

આજે મારા શરીરની વાત કરું, તો મારા શરીરની લિંક પહેલેથી-શરૂઆતથી છે. એનું સંભારણું કો'ક કો'કને થાય છે ખરું. એની ખાતરી કોઈને આપી શકાય નહિ. એની ખાતરી એ એકલો જાણે. બધાંને થતું નથી.

એટલે જન્મદિવસનું રહસ્ય એ છે કે અનેક જન્મોના સંસ્કાર આજે સ્ફોટ થાય છે. સામાન્ય જીવને આની સમજણ પડતી નથી, પણ જે જરાક ઍડ્વાન્સ-આગળ વધેલો છે-આઠમી નવમી ભૂમિકા સુધી વધેલાને એનું જ્ઞાન હોય છે.

જન્મદિવસનું મહત્ત્વ આપણે ત્યાં આ કારણે પડેલું. ઘણાંને થાય છે કે આ જન્મદિવસ ઊજવવાનું શું ? આ લાડવા કર્યા. મિષ્ટાન્ન કર્યું અને ખાધું-એથી વિશેષ શું ? આ જન્મ-દિવસ તો બીજા બધાંના જેવો જ છે ! એમાં શું ? પણ આમાં ઘણો ફરક !

આપણે જન્મ્યાં તે દિવસ અને બીજા દિવસો-એની વચ્ચે ફરક છે. જોકે આપણને સામાન્ય દિવસનું જે જ્ઞાન છે, એવું જ આ દિવસનું જ્ઞાન હોય છે. આપણને એમાં કંઈ ફરક લાગતો નથી, પણ આગળ વધેલાને સમજણ પડે છે. તે દિવસે એનું શરીર જુદા પ્રકારનું છે. સંસ્કારોનું ઉદય વર્તમાન થવું એક વાત છે અને તેનું ભાન થવું એ બીજી વાત છે. આવી રીતે જન્મદિવસનું મૂળ રહસ્ય છે.

જ્યાં એનું વધારે એટેચમેન્ટ-આસક્તિ હોય ત્યાં જન્મ લે. ગમે ત્યાં ન લે. કોઈ અજાણ્યું સ્થળ ભલે હોય, પણ એને ત્યાં લગની લાગેલી હોય તો એ ત્યાં પણ જન્મ લે. મૂળ એને જ્યાં ઘણો મોહ લાગ્યો હોય ત્યાં એ જન્મ લે.

જન્મદિવસ સામાન્ય દિવસ કરતાં વધારે ક્રીએટીવ છે. તે દિવસથી આપણે કંઈ કશું ક્રિયાત્મક કંઈક કશું રોજ ને રોજ નિશ્ચિત સ્થળે અને સમયે કર્યા કરવું જોઈએ. પૂર્વમાં સૂર્ય ભગવાન છે અને દક્ષિણ એટલે જ્ઞાન. બેમાંથી ગમે તે એક દિશાએ બેસીને જેટલો વખત બને એટલું સાધન કર્યા કરવું જોઈએ. બાકીના વખતમાં હાલતાં ચાલતાં, હરતાં ફરતાં, કામ કરતાં કર્યા કરવું જોઈએ.

'ગ્રહ-ગ્રહણ', પ્ર. આ., પૃ. ૮ ❑

# (૭) મંગળદાસને દીક્ષિત કરી, શ્રીમોટાએ એમનું રક્ષણ કર્યું

કેસરી

*(જૂન, ૨૦૧૬ના અંકથી આગળ)*

મંગળદાસને મોટાએ પતનના માર્ગેથી બચાવ્યા. તેઓને ઊર્ધ્વજીવન માટે મોટા સતત માર્ગદર્શન આપતા. મોટા કહેતા કે, ‘માણસને વાસનામાંથી બચાવવા પ્રભુ ઉત્સુક જ હોય છે. ઝાડના થડને વળગી રહીને ઝાડ છોડતું નથી, એના જેવું આપણું છે.’ ભાવપૂર્વક પ્રભુને સ્મરીને નામસ્મરણ થયા કરે તો તેવી વૃત્તિઓના હુમલાથી ઊગરી શકાય છે. **જેઓને નિજના ગણ્યા છે, તે બધાંની આધ્યાત્મિક માર્ગમાં આડે આવતી અડચણોને મોટાએ દૂર કરી છે.**

મોટા, ખાસ કોઈને મંત્રદીક્ષા આપતા નહિ, પણ મંગળદાસ મંત્રદીક્ષા આપવા સતત માગણીઓ કરતા હતા. એટલે મોટાએ તા. ૨૮-૧૦-૧૯૫૮ની રાત્રે કેટલીક વિધિ કરીને ‘હરિ:ૐ’નો મંત્ર આપ્યો. મંત્રદીક્ષા બાદ મોટાએ પોતાની દક્ષિણા માગી. મંગળદાસ તો દક્ષિણા આપવા માટે કશું જ લઈ ગયેલા નહિ. ભોળા સ્વભાવના મંગળદાસે મોટાને કહ્યું, ‘હું તો કંઈ જ લાવ્યો નથી.’ મોટાએ હસતાં હસતાં કહ્યું કે કાંઈ વાંધો નહિ. પેલા પાટિયા ઉપર ચાર આના છે, તે મને મારી દક્ષિણામાં પ્રેમથી આપ. મોટાએ મુક્ત હાસ્ય કરીને આશીર્વાદ આપ્યા, ‘ફતેહ કરો.’

નડિયાદની જોશી લૉજવાળા શ્રી વાલજીભાઈ જોશી મોટાના સ્વજન હતા. તેઓને ફેફસાંના ઑપરેશન માટે મુંબઈ હૉસ્પિટલમાં રહેવાનું થતાં મોટાએ એમને તો હૈયાધારણ આપેલી અને મંગળદાસને એમની સેવામાં મુંબઈ મોકલ્યા હતા. મોટાએ મંગળદાસને કહેલું કે જે જે જીવોને જીવનમાં મળવાનું બનતું હોય છે, તે બધાની સાથે સદ્ભાવ, સુમેળ, મીઠાશથી પ્રેમથી વર્તવાનું બને ને ‘બધા જ’ જીવો સાથે મૈત્રીનો ભાવ કેળવાય તો તે ઘણું મહત્ત્વનું છે. કોઈને પણ ખરી રીતે મદદ કરવાનો પ્રસંગ સાંપડતાં બની શકે તો ઉમળકાથી અને દિલથી તે થઈ શકે તો તેવું કાર્ય પણ સાચી સેવા છે.

વાલજીભાઈ જોશીને પણ પત્રમાં લખેલું કે, ઑપરેશન કરવાનું હોય તે પહેલાં બે કલાકથી ભગવાનના સ્મરણમાં જીવતા રહેજો અને જ્યાં સુધી ભાન રહે ત્યાં સુધી સ્મરણ કર્યા કરજો. ક્લોરોફૉર્મ આપતી વેળા ભાન જતાં લગી **મોટાને તમારી નજર સામે પ્રગટાવજો. એટલે તે પછી બધો ખેલ મોટા સંભાળી લેશે.**

ઑપરેશન બાદ વાલજીભાઈનાં ફેફસાંમાં હવા ભરાઈ જતાં ફેફસાંનાં કાર્યમાં રુકાવટ આવતી હતી. મંગળદાસને રજાઓ લંબાવી મુંબઈમાં વાલજીભાઈની સેવામાં રોકાઈ જવાની સલાહ મોટાએ આપી હતી અને વાલજીભાઈને પત્રથી જણાવેલું કે કોઈ પણ સ્થૂળ સહારો કે મદદ એ બધાયના કરતાં ભગવાનની કૃપા-મદદ અનેક ગણી ચઢિયાતી છે, એનો અનુભવ લેવાનો આ જ રૂડો પ્રસંગ છે. જીવનમાં આકરામાં આકરા પ્રસંગમાં જ આપણી ખરી કસોટી થતી હોય છે. એવી વેળાએ જેના દિલમાં શ્રદ્ધા, વિશ્વાસ દિલથી નિશ્ચયપણે અડગ ટેકથી શ્રીભગવાન પરત્વે ભાવ જાગેલો હોય છે તેવા જીવને ટટ્ટાર થતાં વાર લાગતી નથી. ને તેવો જીવ સમર્થની ઓથ, હૂંફ અને

સહાનુભૂતિ અનુભવે છે. સતત સ્મરણ કરવાનું ભૂલશો નહિ.

પૂજ્ય શ્રીમોટાએ મંગળદાસને કહેલું કે વિશ્વાસ રાખજે, નામસ્મરણથી હરિઃૐના મંત્રજાપથી તારું કલ્યાણ થવાનું છે. કલ્યાણનો અર્થ પૈસેટકે સુખી બનવાનો, ભૌતિક સુખો મેળવવાનો, તેવો નહિ પરંતુ સત્ત્વગુણ મોખરે આવે જેના લીધે પ્રભુમય જીવનમાં ધીરે ધીરે તું આગળ વધે.

એક વખત તો મોટાએ એમ પણ કહેલું કે આપણે બન્ને સાથે રહી શકીએ તેટલા માટે તને આઘાતો આપવાનું કર્યા કરીશ-આઘાતો તારા જીવનના ઘડતર માટેના જ હશે.

મંગળદાસને નોકરી દરમિયાન મિલના કામદારોના અનેક વખત જીવલેણ હુમલામાંથી બચી જવાયું હતું. જેમાં મોટાની કૃપાસહાયથી એ બનેલું. તેમને તેમના રૂમમાં પૂરીને કેરોસીન-કાકડાથી જીવતા સળગાવી દેવાના, ખૂન કરવા માટે મોટા ચાકૂ સાથે આવતા તેમ જ રિવૉલ્વર સાથે આવનારાઓમાં હરિકૃપાથી સદ્‌બુદ્ધિ આવતા મંગળદાસ બચી ગયાના અનેક પ્રસંગોમાંથી પસાર થયા છે. એક વખત કમળામાંથી કમળી થઈ જતાં નડિયાદની મિશન હૉસ્પિટલમાં સારવાર લેતાં લેતાં હરિનામ અને પ્રાર્થનાથી મોટાની મદદ મળ્યાનો અનુભવ થયો હતો અને જીવલેણ રોગમાંથી મક્ત થવાયું હતું.

મંગળદાસે માત્ર હરિઃૐ હરિઃૐના મંત્રજાપ જ નથી કર્યા, અનેક લોકને તેમનાં તેમનાં જરૂરી કામોમાં મદદરૂપ બન્યા છે. અભ્યાસ કરતાં બાળકોને યુનિફૉર્મ, પુસ્તકો, ફીઝ વગેરેમાં આર્થિક સહયોગ આપ્યો છે. દુઃખી-દર્દીઓને દવા-ઑપરેશન ખર્ચમાં સહાય, આશ્વાસન જેમ અનેક પ્રકારે તન-મન-ધનથી જરૂરિયાતવાળાને મદદ કરતા રહ્યા છે.

મંગળદાસે મૌનરૂમાં અનેક અનુષ્ઠાન કર્યાં છે. દરેક અનુષ્ઠાન દરમિયાન શ્રીમોટાની કૃપા સહાયથી તેઓને વિવિધ પ્રકારના અનુભવો પણ થયા છે. વળી, કેટલીક કાવ્ય-રચનાઓ પણ આવાં મૌન દરમિયાન સ્ફુરેલી છે.

એક દિવસ પૂજ્ય મોટાએ મંગળદાસને પૂછ્યું, 'ભાઈ, તને દર મહિને કેટલો પગાર મળે છે ?'

'મોટા, મને દર મહિને એકસો પાંચ રૂપિયા પગાર મળે છે.'

'ભાઈ, તારું મન કબૂલ કરે ત્યાં સુધી દર મહિને સાત રૂપિયા કોલસા લાવવા માટે આશ્રમને આપવાના.'

મંગળદાસે રાજી થઈને દરમહિને એટલી રકમ આપવાની હા પાડી. પાછળથી થોડોક પગાર વધ્યો એટલે દસ રૂપિયા આપવાનું ચાલુ કર્યું. પછી દર વર્ષે પોતાની શક્તિ મુજબની રકમ આશ્રમમાં આપતા હતા.

(ક્રમશઃ)

'હસતું મૌન', પ્ર. આ., પૃ. ૧૩૬ ❑

**ગયેલા આત્માને...**

પૂજ્ય શ્રીમોટાના સુરત નિવાસી સ્વજન શ્રી જયંતીભાઈ વાંકાવાળાનાં પત્ની નીતાબહેન વાંકાવાળાનું ૭૨ વર્ષની વયે તા.૧૩-૭-૨૦૧૬ના રોજ અવસાન થયું છે. પ્રભુ તે આત્માનું કલ્યાણ કરે એવી પ્રાર્થના.

**- સંપાદક**

## (૮) ચૂનીભાઈ (શ્રીમોટા) બધાંનાં છે, પણ બધાં એમનાં થતાં નથી   સુવર્ણકાંતિ દેસાઈ

મારા નાના ભાઈ હેમંતના સન્મિત્ર તરીકે ચૂનીભાઈની અમારે પહેલી ઓળખાણ થઈ. મારો સ્વભાવ તો લુખ્ખો ને અતડો. ચૂનીભાઈ આગળ અતડાપણું રહે ખરું ? હેમંત મને 'બહેન' કહે છે, તેમ ચૂનીભાઈ પણ ઉમળકાથી 'બહેન' કહે છે. અમારા આખા કુટુંબ પ્રત્યે એમનો પ્રીતિરસ વહેતો થયો. ૧૯૪૨-૪૩માં અમે એટલે સ્વ. પ્રતાપરાયજી (મારા પતિ) હું અને સ્નેહી ભાઈ નંદુભાઈ, કાંતાબહેન, હેમંત સાથે દક્ષિણની યાત્રાએ ગયાં, ત્યાંથી ટ્રિચિ ગયાં. ત્યાં ચૂનીભાઈ, નંદુભાઈના ઘરમાં રહેતા હતા, તે વખતે જ એમના મહાનપણાનો-મહત્ત્વનો ઝાંખો ખ્યાલ આવ્યો. જોકે અમારી ઓળખાણ તો એની અગાઉ કેટલાંક વર્ષોથી હતી. થોડી અધ્યાત્મ સંબંધી વાત થઈ. અમારા મનનું વલણ જોઈને એમણે અમને પ્રેમપૂર્વક શ્રીરમણ મહર્ષિ પાસે જઈને રહેવાનું સૂચવ્યું. બે ત્રણ વરસ પછી પ્રભુની ઇચ્છા થઈ ત્યારે અમારે શ્રીરમણાશ્રમમાં રહેવા જવાનું થયું. ચૂનીભાઈને ઘણો આનંદ થયો. શ્રીરમણ મહર્ષિને અમે મનથી ગુરુ માન્યા, કારણ કે મહર્ષિ પોતાને ગુરુ મનાવતા ન હતા.

ત્યાં ગયા પછી વહાલસોયો ભાઈ, બહેનને કાગળ લખે એવા મારા પર કાગળો આવતા ને એમાં માર્ગદર્શક સૂચનાઓ પણ લખતા- એટલા માટે કે એ સ્થાનનો ને એ ગુરુનો- મહર્ષિનો-હું લેવાય તેટલો લાભ મારી શક્તિ પ્રમાણે લઉં. મીઠાં જળથી ભરેલું મોટું સરોવર નજર સામે હોય, પણ હાથમાં પાત્ર જેવડું હોય તેટલું જ પાણી લેવાય છે. મારા હાથમાં નાનું પાત્ર હતું, એટલે હું એ મહાસરોવરમાંથી થોડું જ પાણી લઈ શકી.

ચૂનીભાઈના વાત્સલ્ય માટે ઘણું લખાય. એમને ખરું જોતાં પોતાનું-પારકું છે જ નહિ. **એ તો બધાંનાં છે, પણ બધાં કંઈ એમનાં થતાં નથી.** તોયે શુભ ભાવના બધા તરફ રાખે છે. લોકોનું હિત-કલ્યાણ-કરવું એ તો એમના સ્વભાવમાં જ છે, તેથી એમની પાસે ભક્ત મંડળો તરફથી જે રકમ આવે છે તે લોકોના શારીરિક, માનસિક વિકાસ થવા માટે દાનમાં આપી દે છે. આમ, એમણે દસ લાખ રૂપિયાનું દાન કર્યું છે. એમનું ભક્તમંડળ વિશાળ થયા કરે છે, તેના કારણમાં અધ્યાત્મિક તમન્ના તો ખરી, ઉપરાંત, એમનો પ્રેમાળ સ્વભાવ. સાચા સંતોમાં પ્રેમ ઉપરાંત નમ્રતા બહુ હોય છે. ચૂનીભાઈની નમ્રતા એ એનો પુરાવો છે. જેટલો પ્રેમ તેટલી નમ્રતા ને તેટલી મહત્તા. આવા મહાન પુરુષની મહત્તા ને સાધુતા વિશે મારા જેવીને લખવાની વૃત્તિ થઈ, તે એમની મારા પ્રત્યેની સદ્‌ભાવનાએ લખાવ્યું.

'પૂજ્ય શ્રીમોટા હીરક મહોત્સવ સ્મૃતિગ્રંથ' પ્ર. આ. પૃ. ૧૫૪ ❑

(ગઝલ)

**અમારે તો બધાંનેયે સમજી સમજી વળગવું છે.**
**રહ્યા કરીએ હૃદય વળગી-ન અમને કોઈ વળગે છે.**
**અમે રાચી રહ્યા સહુમાં, સહુ રાચે જ નિજ નિજમાં.**
**અમારે તો પડી સહુની, પડી અમ ના સ્વજન દિલમાં.**

'જીવન સંદેશ', છઠ્ઠી આ., પૃ. ૪૦   - **શ્રીમોટા**

## (૯) મોટા 'માવડી'

ગુલાબરાય મંકોડી

*(નિવૃત્ત આઈ એ. એસ., ગુજરાત રાજ્યના ખેતીવાડી, સહકાર, પંચાયત અને સર્વોદય ખાતાના ભૂતપૂર્વ મંત્રી, ગુજરાત રાજ્યના પબ્લિક સર્વિસ કમિશનના ભૂતપૂર્વ સભ્ય અને ચૅરમૅન.)*

પૂજ્ય શ્રીમોટા વિશે, નડિયાદમાં તાજા જ નિમાયેલા એક ઉચ્ચ અધિકારીએ મને વાત કરી, એટલે મને ઇચ્છા થઈ કે દર્શનનો લાભ લેવો જોઈએ. તે જ દિવસે તે ન બન્યું, પણ તે પછી થોડા સમયમાં એ તક પ્રભુએ આપી.

એ પ્રથમ મિલનની મારા મન પરની છાપ એ છે કે **પૂજ્ય શ્રીમોટા પ્રેમમૂર્તિ છે.** અને એક સહજ-સ્વાભાવિક વ્યક્તિ છે, એટલે કે તેમનામાં, કે તેમની આજુબાજુના વાયુમંડળમાં કોઈ પણ પ્રકારની, અંશમાત્ર પણ કૃત્રિમતા નથી. મને આવી સ્વાભાવિકતા અને પ્રેમપૂર્ણતા આકર્ષે છે. પરિણામે પૂજ્યશ્રીના સાંનિધ્યમાં જેટલો સમય જ્યારે જ્યારે પણ મળે એવો હોય તો તે હું મેળવતો, અને દરેક મિલનથી વધુ ને વધુ તેઓશ્રીના પ્રેમાર્દ્રતામાં નાહતો. મિલન માટેનો સમય સવારના પાંચ અને છની આસપાસનો રહેતો, અને નડિયાદ આશ્રમમાં તે સમયે પહોંચવા માટે હું અમદાવાદથી સવારે ચારેક વાગ્યે નીકળી પડતો. આ હકીકત ગૌણ હોવા છતાં એટલા માટે કહું છું કે એ મિલનનું આકર્ષણ કેટલું હશે તેનો ખ્યાલ આવે.

આશ્રમ પણ કેટલો સાદો ! કોઈ આડંબર નહિ. કોઈ જાહેરાતની ખેવના નહિ. શાંત, પવિત્ર વાતાવરણ ! એક ઝાડ ઉપર એક પાટિયું લટકતું હતું, તે કહેતું હતું :-

આવે તેને એક સલામ !
જાય તેને સો સલામ !
ન આવે તેને હજાર સલામ !

એ વાંચતાં, અહીંના સંચાલકની 'અસંગ'વૃત્તિ, સાત્ત્વિક અને નમ્ર છતાં ખુમારીભરી દૃષ્ટિ સ્વયં સ્પષ્ટ થઈ. પૂ. બાપુ (મહાત્મા ગાંધીજી)નું સૂત્ર "BE QUICK, BE BRIEF, BE GONE."ના જેટલી જ સરળતા, સચ્ચાઈ અને સ્પષ્ટતા પૂજ્ય શ્રીમોટાના આશ્રમના ઉપરના પાટિયાનું લખાણ વાંચતાં પ્રતીતિ થઈ. હકીકતમાં આપણે સામાન્ય માનવીઓ આપણી દુન્યવી કામગીરીમાં સમયની જે કિંમત આંકીએ છીએ તે કરતાં સમયની અનેક ગણી કિંમત આધ્યાત્મિક સાધકને હોય છે. એને કેવળ નાની મોટી દુન્યવી વાતોમાં કાળક્ષેપ કરવો પરવડે નહિ. એ દૃષ્ટિએ જ મેં પૂજ્ય શ્રીમોટાના આશ્રમના પાટિયાનો અર્થ ઘટાવેલો, કે જેને આ દિશામાં રસ છે તેઓ જરૂર જરૂર પધારો. તેઓને અમારા દિલના સલામ છે ! પણ જેને આમાં રસ નથી તેમણે પોતાનો અને અમારો સમય બગાડવો નહિ ! 'ન આવે તેને હજાર સલામ'માં તોછડાઈ નથી, પણ આ ભાવ છે.

સાધનાની અનુકૂળતાની દૃષ્ટિએ, આશ્રમે આવનાર મુલાકાતીઓ માટે સમય નક્કી થયેલા છે. મને એ બાબતની જાણ થઈ ત્યારથી મેં

એ સમયોનો ભંગ મારાથી ન થાય તેની કાળજી રાખેલી. મારા કામકાજ અંગે પ્રવાસો સતત રહ્યા કરે અને નડિયાદ કે સુરત આશ્રમ પાસેથી પસાર થતી વેળા ઘડિયાળ જોઈને જો સમયમર્યાદા થઈ ગઈ હોય તો, પૂજ્યશ્રીને મળવાની પ્રબળ ઈચ્છા છતાં હું આશ્રમે ન જવાનું રાખતો. પૂજ્ય શ્રીમોટાના પરિચયમાં આવ્યા પછી, મારી નિમણૂક ભારત સરકારમાં મુંબઈ ખાતે થઈ. એટલે વારંવાર પૂજ્યશ્રીને મળવાની તકો ઘટી. એક વખત મુંબઈથી અમદાવાદ મોટર રસ્તે જતાં જતાં નડિયાદ લગભગ છ એક વાગ્યે આવ્યું. સ્વાભાવિક ઈચ્છા પૂજ્યશ્રીનાં દર્શનની થઈ, પણ આશ્રમનો સમય થઈ ગયેલો એટલે ડભાણમાં શ્રી રાવજીભાઈ પટેલને ઘેર પૂજ્યશ્રીના પ્રવાસ કાર્યક્રમની વિગત જાણવા જવા વિચાર્યું. લભગભગ સવા છ આસપાસ ત્યાં પહોંચ્યો. તો પૂજ્યશ્રી ત્યાં હાજર ! મારા આનંદનો પાર ન રહ્યો. ડભાણ જવાની ભાવના થઈ તે તેઓશ્રીની પ્રેરણા કે મારો પુરુષાર્થ તે તો કહેવું મુશ્કેલ છે, પણ મારું મન તેને પૂજ્યશ્રીની પ્રેરણા ગણવા પ્રેરાય છે.

એમની પાસે જતાં લોકોમાં જાતજાતની વ્યક્તિઓ હોય છે. આજે પ્રવર્તતી સામાજિક આબોહવાના પ્રલોભનોને વશ થયેલી વ્યક્તિઓ પણ તેમાં હોય. એમની તરફનો પણ પૂજ્ય શ્રીમોટાનો પ્રેમાળ વર્તાવ જોઈને પ્રથમ દૃષ્ટિએ જરા વિસ્મય થાય, પરંતુ જરાક ઊંડો વિચાર કરતાં પ્રતીત થાય કે એક માતા પોતાનાં બાળકોના ગુણ અવગુણ તપાસીને તેના પ્રત્યે હેત કરતી નથી, પણ હેત કરવું એ માતાનો સહજ સ્વભાવ છે. એમ જ પૂજ્યશ્રી જેવી પ્રેમમયી વ્યક્તિ જેને એમની પ્રેમભાવના જોતાં 'મોટા' કહેવા કરતાં 'માતા' કે 'માવડી' કહેવું વધુ ઉચિત અને યથાયોગ્ય છે. તેઓ આવી વ્યક્તિઓ માટે પણ પ્રેમ રાખે એમાં શું ખોટું ? મહારાષ્ટ્રમાં જ્ઞાનેશ્વરને 'માઉલી' કહે છે. કોઈ જ્ઞાનેશ્વરી પણ કહે છે. 'માઉલી' એટલે માવડી ! પ્રેમમૂર્તિ બની ગયેલ દરેક સંત વ્યક્તિને માવડી કે માઉલી કહેવું સર્વથા ઉચિત જ ભાસે છે. એક વખત સુરતના આશ્રમે એક વહેલી સવારે પહોંચ્યા. થોડી આડીઅવળી કુશળઅંતરની વાતો પછી પૂજ્યશ્રીએ હાજર સમુદાય સાંભળે એમ મને કહ્યું, **'મંકોડી સાહેબ ! તમારી ભૂમિકા ઊંચી છે, સારી છે પણ અભ્યાસ કરતા નથી !'** અભ્યાસનો અર્થ અહીં, સાધકે કરવાનું ધ્યાન વગેરે સાધન એ છે. અને પૂજ્યશ્રીની વાત સો ટકા સાચી હતી, કારણ ધ્યાન વગેરેનો મારો અભ્યાસ નથી. પૂજ્યશ્રીને મારી વિનંતી છે કે જેમ માતા બાળકને કોઈ નવો ખોરાક આપે તેનો પ્રથમ સ્વાદ ચખાડે અને પછી બાળક એ સ્વાદે ચઢી જાય, એમ મારા પૂજ્ય 'મોટા-માવડી'એ મને પાસે બેસીને ધ્યાનના અભ્યાસનો સ્વાદ એકવાર ચખાડવો પડશે. પછી મન તેમાં જરૂર ચોંટી જશે એ બાબત મને શંકા નથી. એ પુનિત દિવસની હું રાહ જોઉં છું અને પૂજ્યશ્રીની એ કૃપાપ્રસાદી મળે તેવી આશા સેવું છું. દરમિયાન તેઓશ્રીની એવી કૃપાને લાયક થવાય એવું જીવન જીવવા પ્રયાસ કરું છું.

પૂજ્યશ્રીના આધ્યાત્મિક વિચારોમાં એમણે બે બાબતો ઉપર ખૂબ ભાર મૂક્યો છે. **ગુણ**

**અને ભાવનાનો વિકાસ કરવો, અને રાગ અને દ્વેષને મોળા પાડવા.** આટલો બોધ ખરેખર ઘણો છે. એનો અમલ કરનાર દરેકને એ બોધ કેટલો સાચો અને શ્રેયસ્કર છે તે અનુભવે પ્રતીત થશે.

ખેડા જિલ્લો સ્પષ્ટ વક્તાઓનો પ્રદેશ. સીધું અને સટ જે પોતાને લાગે તે કહેતાં ખેડા જિલ્લાવાળા અચકાય નહિ અને શરમાય પણ નહિ. ભક્તિ, કુતૂહલ, પરીક્ષાવૃત્તિ વગેરે જુદી જુદી ભાવનાઓ સાથે આવેલ સમુદાયને પૂજ્યશ્રી ઘણીવાર કહે છે, 'કોઈ મોદીની દુકાને જઈને બે પૈસાની વરિયાળી મફત માગો ને જુઓ કે તે મફત આપે છે ! ભાઈઓ, વરિયાળી જેવી વસ્તુ મફત મળતી નથી, તેની કિંમત ચૂકવવી પડે છે.' આ સ્પષ્ટ વક્તવ્ય ઘણું જ અર્થ ગંભીર છે. આજે ગુરુવાદનો જે પવન વાય છે, તેને પૂજ્યશ્રી આ સ્પષ્ટ વાત દ્વારા કેવો નકારી કાઢે છે ! દરેકે પોતપોતાની પ્રકૃતિ, પરિસ્થિતિ અને વૃત્તિને અનુકૂળ થાય તેવી સાધના કર્યા વગર માત્ર દર્શન કર્યે કે થોડી સેવા કર્યે કાંઈ ભવપાર ન થવાય, એવું સૂચન આ બે પૈસાની વરિયાળીવાળી વાતમાં પડ્યું છે.

પૂજ્યશ્રીની લોકસેવાની કેટકેટલીય પ્રવૃત્તિઓ ગુજરાતમાં જગજાહેર છે. તેઓશ્રી તો સ્પષ્ટ જુએ છે કે આવી રહેલા સમય માટે સુસજ્જ થવું હોય તો આપણાં યુવકયુવતીઓએ, સાહસિક, ખડતલ અને ખેલદીલીવાળાં બનવું અત્યંત આવશ્યક છે. જ્ઞાનનો વિકાસ તો ખરો જ, પણ આ ગુણો અને સામાજિકતા સાથેસાથે કેળવવી જરૂરી છે.

આ દૃષ્ટિએ જ, બંગાળી નવયુવાન મિહિરસેન જ્યારે ઇંગ્લિશ ચૅનલ તરનાર વ્યક્તિ તરીકે જાહેર થયા ત્યારે આખા હિંદુસ્તાનમાં તેમની પ્રથમ કદર કરનાર વ્યક્તિ હતી પૂજ્ય શ્રીમોટા. એ જ રીતે આજે શ્રેષ્ઠ પાક ઉગાડનાર નિષ્ણાતો- પછી, તે બાજરા, કપાસ કે તંબાકુના હોય- તેમને સુવર્ણચંદ્રકો અર્પી તેમની જાહેર કદર બૂઝનાર પણ છે આ અમીર-ફકીર પૂજ્ય શ્રીમોટા.

પૂજ્ય શ્રીમોટા, મારી દૃષ્ટિએ એક કર્મયોગી સંત છે. એક વખત પૂ. શ્રીરણછોડદાસજી મહારાજની ઓરિસ્સા, બિહારમાંની દુષ્કાળ રાહત અંગેની પ્રવૃત્તિઓ તથા ગરીબીવાળા પ્રદેશોમાં નેત્રયજ્ઞોની પ્રવૃત્તિની હું પૂજ્ય શ્રીમોટાને વાત કરતો હતો ત્યારે એમણે સ્ફોટ કર્યો, 'શ્રીરણછોડદાજી મહારાજ જેવી પહોંચેલી વ્યક્તિ આવી પ્રવૃત્તિઓ શા માટે કરે છે તે જાણો છો ? એઓ આપણને-સામાન્ય જનોને દૃષ્ટાંત સાથે સમજાવી રહ્યા છે કે **દરિદ્ર-નારાયાણની સેવા એ જ સાચી પ્રભુસેવા છે.'**

આપણી આંખ ઉઘાડવા માટે, પોતાને શરીરમાં અનેક વ્યાધિઓ હોવા છતાં, તેઓશ્રી સતત, નિરંતર, લોકસંગ્રહની પ્રવૃત્તિઓ કરતા જ રહે છે. એક રીતે જોઈએ તો તેઓ 'નિત્યસંન્યાસી' છે, કારણ, નથી એમણે કષાય વસ્ત્રો ધારણ કર્યાં, નથી એમણે દંડ-છડી ગ્રહણ કર્યાં, નથી એમણે વિદ્વત્મંડળનો સંઘ સાથે રાખ્યો, પરંતુ એમણે તો જીવન આચર્યું છે ભારત માતાની સેવા માટે, દીન દલિતની સેવા માટે, અને શ્રેયાર્થી સાધકોને પથદર્શન- પ્રેમભર્યું પથદર્શન કરાવવા માટે.

'સ્મૃતિગ્રંથ : જીવનસ્ફુલિંગ', પ્ર. આ., પૃ. ૨૪ સંકલન ❑

# (૧૦) તપસ્વી જાફર સાદિક

**અનુવાદક : જગજીવન પાઠક**

તપસ્વી જાફર સાદિક એ ઈસ્લામધર્મપ્રચારક હઝરત (મહા પુરુષ) પયગંબર મહમદ સાહેબના દોહિત્ર (દીકરીના દીકરા) હતા.

એકવાર કોઈએ સાદિકને કહ્યું કે 'આપ ઉત્તમ વંશમાં જન્મેલા હોઈ એ વંશની શોભારૂપ છો અને તેથી આપે અભિમાન લેવા જેવું છે.' આ સાંભળી સાદિક બોલ્યા કે, 'ના, હું એથી અભિમાની થઈશ નહિ, પરંતુ એમાં મારું અહોભાગ્ય સમજીશ.'

માણસ જ્યારે પોતાનું અભિમાનનું વિસર્જન કરે છે, ત્યારે જ તેનામાં ઈશ્વરી પ્રકાશ ઊતરી આવે છે. માણસે પોતાના શરીરનાં કુળ-જાતિનું અભિમાન રાખવું જોઈએ નહિ, પરંતુ ઈશ્વરના મહિમામાં પોતાની પ્રતિષ્ઠાને અને અભિમાનને ગાળી દેવામાં ગૌરવ માનવાનું છે.

એક માણસની રૂપિયાની થેલી ખોવાયેલી હોવાથી તેણે સાદિકને ચોર સમજી પકડી લીધા. તપસ્વી સાદિકને એ ઓળખતો ન હતો. સાદિકે તેને પૂછ્યું કે, 'તમારી થેલીમાં કેટલા રૂપિયા હતા ?' તેણે કહ્યું કે, 'હજાર રૂપિયા.' પછી સાદિક તેને સાથે લઈ પોતાને ઘેર ગયા. ઘરમાંથી હજાર રૂપિયા તેને આપ્યા. કેટલેક કાળે એ માણસને પોતાના ખોવાયેલા રૂપિયા બીજે ઠેકાણેથી મળી આવ્યા, ત્યારે તેણે સાદિકે આપેલા રૂપિયા લઈ પાછો આવીને કહ્યું કે, 'બંધુ ! મેં ભૂલ કરી છે. આપે રૂપિયા લીધેલા નહિ, તેમ છતાં મેં આપની પાસેથી રૂપિયા લીધા છે. માટે, આપ આપના પૈસા પાછા લો.'

સાદિક બોલ્યા, 'આપેલી વસ્તુ હું પાછી લઈ શકીશ નહિ.' હવે પેલા માણસને ખબર પડી કે આ તો મહાન તપસ્વી જાફર સાદિક છે. એથી, એ અત્યંત શરમિંદો થઈ ગયો.

'તજકર-તુલ-ઓલિયા' નામે ગ્રંથના લેખકે જાફર સાદિકની ઘણી જ તારીફ કરી છે. તેઓ લખે છે કે, જાફર સાદિક સંતસમાજના શિરોમણિ હતા અને બધા લોકો તેમના પ્રતિ અત્યંત શ્રદ્ધા રાખતા હતા. તેઓ એકેશ્વર-વાદીઓના ગુરુ, ઈસ્લામી સંપ્રદાયના આચાર્ય, પ્રભુભક્તોના અગ્રેસર, મહાતપસ્વી, પ્રેમી અને પરમ વૈરાગ્યવાન હતા. કુરાનનાં ગૂઢ તત્ત્વો સમજવામાં તેઓ અદ્વિતીય હતા.

તેમના વખતમાં મન્સૂર અરબસ્તાનનો ખલીફા હતો. તપસ્વી જાફર સાદિકની અપાર ખ્યાતિ સાંભળીને તેના મનમાં ઈર્ષ્યા થઈ. તેણે પ્રધાનને આજ્ઞા કરી કે જાઓ સાદિકને પકડી લાવો. હું તેનો વધ કરીશ. પ્રધાને ખલીફાને ખૂબ સમજાવ્યા કે એ મહાન તપસ્વી છે. તેને માટે આવી આજ્ઞા ન કરો. પણ ખલીફા માન્યા નહિ. નાછૂટકે સાદિકને પકડી લાવવા પ્રધાન ગયા. દરમિયાન ખલીફાએ પોતાના નોકરને કહી રાખ્યું કે 'જ્યારે સાદિક હાજર થાય અને હું મારા માથાનો મુગટ ઉતારું કે તરત જ તમારે સાદિકનો શિરચ્છેદ કરવો.'

કેટલાક વખત પછી સાદિક જ્યારે આવ્યા તે વખતે મન્સૂર ઊભો થઈ નમ્રભાવે તેમને

સામે લેવા ગયો અને તપસ્વીને ઊંચે આસને બેસાડ્યા. નોકરો આ જોઈને આશ્ચર્ય પામ્યા. કેટલીક વારે મન્સૂરે તપસ્વીને પૂછ્યું કે, 'આપને કંઈ આવશ્યકતા છે ?' સાદિક બોલ્યા, 'માગવાનું તો એ જ છે કે ફરી વાર મને તેડાવીને મારા તપમાં વિઘ્ન નાખશો નહિ.' મન્સૂરે એ માગણી સ્વીકારી અને માનપૂર્વક તપસ્વીને વિદાય કર્યા.

તપસ્વીના ગયા બાદ મન્સૂરનું શરીર કંપવા લાગ્યું અને તે મૂર્છિત થઈ પડ્યો. પછી જ્યારે તેને ભાન આવ્યું ત્યારે તેણે કહ્યું કે જ્યારે સાદિક મારી પાસે આવ્યા ત્યારે મેં જોયું કે તેમની સાથે એક ભયંકર સર્પ હતો. એ સર્પે પોતાની ફેણ પહોળી કરી મને સૂચવતો હતો કે 'જો તું સાદિકને પકડીશ તો હું તને કરડી ખાઈશ.' એ સર્પની બીકથી હું શું બોલ્યો એ પણ હું ભૂલી ગયો છું. મેં તેમની ક્ષમા માગી તથા તેમના ગયા પછી હું બેભાન બની ગયો.

**મહાત્મા સાદિકનાં ઉપદેશ વચનો :**

(૧) જે પાપનો આરંભ કરતાં પ્રભુનો ડર લાગે છે અને જે પાપના અંતમાં પ્રભુ પાસે ક્ષમાની પ્રાર્થના થાય છે, તે પાપ પણ સાધકને ઈશ્વરની સમીપ લઈ જાય છે.

(૨) જે તપશ્ચર્યા આરંભમાં અહંભાવ અને અંતમાં 'મેં તપ કર્યું' એવું અભિમાન ઊપજે છે તેવી તપશ્ચર્યા પણ તપસ્વી સાધકને ઈશ્વરથી દૂર રાખે છે.

(૩) અહંકારી સાધકને સાધક પણ કહી શકાય નહિ. તે તો મહાઅપરાધી છે, પરંતુ જે માણસ પાપી હોવા છતાં પણ પ્રભુની પ્રાર્થના કરનારો છે તે સાધકમાં ગણાવા યોગ્ય છે.

(૪) સહનશીલતાવાળો ઋષિ શ્રેષ્ઠ છે. કૃતઘ્ન ધનવાન ગમે તેટલો ભલે હોય તોપણ તેનું મન લક્ષ્મીના વિચારોમાં રોકાયેલું હોય છે. જ્યારે ઋષિનું હૃદય તો ઈશ્વરના વિચારોમાં સદા ગૂંથાયેલું હોય છે.

(૫) પશ્ચાત્તાપ વિના સાચી સાધનાનો આરંભ જ થતો નથી. પશ્ચાત્તાપને જ ઈશ્વરની સાધનાનું પૂર્વ અંગ કહેલુ છે.

(૬) ઈશ્વરના સ્મરણકાળે બીજા તમામ વિચારો અને પદાર્થોને મનમાંથી કાઢી નાખવા જોઈએ.

(૭) ઈશ્વર કહે છે કે, 'હું મારી પોતાની સ્વાભાવિક કરુણાથી માણસને તેની ઇચ્છા-લાયકાત કરતાં પણ વિશેષ આપું છું.'

(૮) જે માણસ જીવનનિર્વાહ માટે નીતિ-પૂર્વક વ્યવહાર કરે છે તેને ઈશ્વરનો મહિમા સમજાય છે.

(૯) અમાવાસ્યાની ઘોર અંધારી રાત્રે કાળા પથ્થર ઉપર રહેલી ઝીણામાં ઝીણી કીડીની પેઠે ઈશ્વર માનવહૃદયમાં ગૂઢ રૂપે રહ્યો છે.

(૧૦) મનુષ્યને જો સમજુ શત્રુ મળ્યો હોય તો એ પણ તેનું સદ્‌ભાગ્ય જ સમજવું.

(૧૧) ચાર પ્રકારના માણસોથી ચેતીને રહેવું : (૧) જૂઠું બોલનાર, (૨) મૂર્ખ, (૩) કંજૂસ અથવા લોભી અને (૪) નીચ હૃદયવાળા જે આપત્તિ સમયે તમારો નાશ કરશે.

'મુસ્લિમ મહાત્માઓ', સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય તરફથી પ્રકાશિત ❑

# (૧૧) પદ્યપ્રસાદી

શ્રીમોટા

(૧)

કર્મ જ્યાં ભાવથી થાય, શાંતિ, પ્રસન્નતા ટકે,
તાટસ્થ્ય, સમતા, કેવાં ભભૂકેલાં ખરાં રહે !
એવા પ્રકારની જ્યારે અખંડતા શી નીતરે !
ત્યારે જ કર્મનો યોગ શ્રીહરિપદમાં ભળે.

(૨)

શી ઊડઝૂડિયા રીતે કરતા કર્મ હોય જે !
પાછા કહેવરાવે શા શ્રેયાર્થી નિજને ખરે !
શ્રેયાર્થીનું લજાવે છે નામ તેવા ખરેખરું,
તેવા ના પાત્ર ઊર્ધ્વના પંથે જવા લગીરેય.

(૩)

કદી ના કર્મ મિથ્યા છે, મિથ્યા જો હોય કર્મ તો
—ચાલે સંસાર શી રીતે ? કર્મથી વ્યવહાર શો !
જેવા પ્રકારનું કર્મ સંસાર તે પ્રકાર છે,
લક્ષ્મીયે કર્મથી કેવી સંસારે મેળવાય છે !

(૪)

વિષ્ણુ, મહેશ ને બ્રહ્મા, કર્મનાં ત્રિસ્વરૂપ તે,
જન્મે કર્મથી, પોષાય કર્મે, ને કર્મથી લય,
અવિદ્યા ટકતી કર્મે, વિદ્યા કર્મથી શી ખીલે !
કરાય કર્મ જે રીતે બધો આધાર તે પરે.

(૫)

કર્મમાં ભાવ સંપૂર્ણ જ્યાં અવતરતો હૃદે,
મોખરે ભાવ જ્યાં કર્મે, કર્મ ના પછી કર્મ છે,
તે પછી કર્મ તો યોગ, દિવ્ય જીવનનો ખરો,
કર્મ તો એટલે દિવ્ય નિસરણી પથે શી છે !

(૬)

હરિના ભક્તને કર્મતણો બાધ ન ક્યાંય છે,
હરિના ભક્તને કર્મ તે સમર્પણ પુષ્પ છે,
હરિના ભક્તને કર્મ હરિ સંતોષવા જ છે,
હરિના ભક્તને કર્મ હરિ આરાધવા જ છે.

(૭)

સંસાર ના ક્રીડા માત્ર, 'લીલા શ્રીહરિની શી તે!'
ખરેખરો ઊંડો એવો ભાવ ના કોઈને જ છે,
નરી શી જીવવૃત્તિથી લોક સંસારમાં ચરે !
સંસારે શી રીતે તેને, શ્રીહરિતણું ભાન ર્‌હે ?

(૮)

એકલા જ નર્યા સ્વાર્થે લોક સંસારમાં જીવે,
સ્વાર્થ વિના બીજું ઊંચું કોઈ ના તત્ત્વ તેમને,
કથા, વાર્તા અને બોધ, મંદિરે દર્શને જતાં
-ઘરેડની પ્રમાણેનું, નવું મળવું શક્ય ના.

'ભાવ-કણિકા', પ્ર. આ., માંથી ❑

**ગયેલા આત્માને...**

પૂજ્ય શ્રીમોટાના નડિયાદના સદ્‌ગત સ્વજન શ્રી ચંદુભાઈ નાનાભાઈ પટેલનાં પત્ની તથા શ્રી નિરંજનભાઈનાં માતુશ્રી ચંદ્રમણિબહેનનો અમેરિકા મુકામે તા.૪-૭-૨૦૧૬ના રોજ ૯૫ વર્ષની વયે દેહાંત થયો છે. શ્રીહરિ ગતાત્માનું યશ કલ્યાણ પ્રેરે એવી પ્રાર્થના છે.

સંપર્ક : શ્રી હરીશ પટેલ (અમેરિકા)
ફોન : ૮૧૨-૪૮૬-૬૫૨૦

**- સંપાદક**

# (૧૨) સંસાર અને કર્મ એકબીજાં સાથે સંકળાયેલાં છે

શ્રીમોટા

સંસાર તો શ્રીહરિનું વ્યક્તવ્ય છે. સંસાર પરત્વેની દૃષ્ટિ કેળવીને પ્રાકૃતિક વલણો મોળાં પાડવાં અને એનાથી પર તરવાનો અભ્યાસ કેળવવો એ સંસારનો હેતુ છે.

શ્રેયાર્થીએ કર્મ પણ સાધનાની ભાવનાથી આચરવાનાં હોય છે. સકળ કર્મો પ્રભુપ્રીત્યર્થે આચરીને એ શ્રીપ્રભુને ચરણે ધરવાનાં હોય છે. **સંસાર અને કર્મ એકબીજાં સાથે સંકળાયેલાં છે.** કર્મથી સંસાર નભે છે. આથી, કર્મ પરત્વે ઉદાસીનતા કે પ્રમાદ તો રખાય જ નહિ.

મેં મારા જીવનમાં કર્મને સાધનાના ભાવથી દિલની પૂરી મસ્તીથી આચર્યાં છે. સંસારમાં કર્મનું મહત્ત્વ કર્મ આચરવા પાછળની ભાવનાને લીધે છે. શ્રેયાર્થીએ તો વૃત્તિઓના વેગને મોળો પાડવા અને એનાથી તટસ્થ રહેવાના હેતુથી કર્મ આચરવાનાં છે. કર્મને યદ્વાતદ્વા કે ઊડઝૂડિયાં રીતે કરવાનાં ન હોય, પરંતુ દિલના પૂરા ઉમળકાથી પ્રેમભક્તિયુક્ત આચરવાનાં હોય. આમ થાય તો જ જીવનનો ઉઠાવ થઈ શકે...

...આજે આપણો સમાજ ઘોર તમસમાં પડેલો છે અને બ્રહ્મ, બ્રહ્માનંદ અને ઈશ્વર વિશે યદ્વાતદ્વા વાતો કરીને નર્યો દંભ જ છતો કરે છે. હરિની ભાવનામાં જીવવા કાજે ધગધગતી તમન્ના અને જિજ્ઞાસા હોવી ઘટે. એટલું જ નહિ પણ સાધનાના અભ્યાસમાં નિરંતરતા પ્રગટાવવા કાજેનો અવિરત ખંતભર્યો પુરુષાર્થ હોવો ઘટે. જ્યાં લગી રાગદ્વેષ અને કામક્રોધાદિ મોળા પડે નહિ ત્યાં લગી જીવનના વિકાસની દિશામાં ગતિ થઈ શકે નહિ.

જીવનનો સાધક પોતાનાં સાધન નિરંતર અને અખંડાકાર કરવાને સતત મથતો હોય છે. એ પોતાના ઉમળકાભર્યા પુરુષાર્થથી ઊર્ધ્વજીવન માટે ભૂમિકા રચ્યા કરતો હોય છે. સતત જાગૃતિ અને સભાનતાથી શ્રીહરિના સ્મરણમાં રચ્યોપચ્યો રહે છે. એને મન તો -

**'જીવનમાં હરિ-નામ આનંદોત્સવ ભવ્ય છે,**
**ભક્તના દિલનો લહાવો કેવો તે મસ્ત હોય છે !**
**હરિનું નામ તો તેને અમૃત-દરિયો જ છે,**
**એના જીવનનો કેવો ઉદ્ધાર, હરિ-નામ છે.'**

હરિ-સ્મરણથી હરિ-ચરણમાં પોતાના ચિત્તને ઓગાળવા કઠણ તપશ્ચર્યા કરતો કરતો સાધક, કેવી કેવી મથામણો, કેવા કેવા સંગ્રામો ખેલે છે એનો ઈશારો પણ આ ચોપડી (ભાવ-કણિકા)નાં જોડકણાંમાં છે.

જીવન-અનુભવ-ગીત એ શ્રેણીનાં ગઝલનાં પુસ્તકોમાં મારા સાધનામય જીવનનો ઈતિહાસ છુપાયો છે. અનુષ્ટુપ છંદમાં લખાયેલાં આ જોડકણાંમાં શ્રીહરિના કીર્તનનો પ્રસાદ છંટકાવરૂપે વ્યક્ત થયેલો છે. મેં કરેલાં સાધનોને પરિણામે થયેલા અનુભવોનો અણસાર પણ આ પુસ્તકમાં છે. જોકે મેં તો સ્પષ્ટ જ લખ્યું છે કે-

**'માત્ર આ કલ્પનાથી મેં કશું નથી લખ્યું જરા,**
**જે રીતે હું જીવેલો છું, ને જેવાં સાધનો થયાં,**
**ને અનુભવ્યું છે જેમ ને પામ્યો સાર જે હૃદે,**
**તે પ્રમાણે લખેલું આ અક્ષરશઃ જ સાચું છે.'**

હરિઃૐ આશ્રમ, ૧૫મી ઑગસ્ટ, ૧૯૭૪

'ભાવ-કણિકા', લેખકના બે બોલમાંથી ❑

## (૧૩) 'પગે લાગે મેળ નહિ પડે, તું આશ્રમનું કંઈક કામ કર, પૈસા ઉઘરાવ' શ્રીમોટા-જયંતીભાઈ જાની

*(જુલાઈ, ૨૦૧૬ના 'હરિભાવ'માં **'પોતાનો ભાર જે સોંપે, ઉપાડે ભાર તેહનો'** જયંતીભાઈ જાનીના લેખના અનુસંધાને આ લખાણ છે. -**સંપાદક**)*

અમદાવાદમાં ખાડિયા વિસ્તારમાં આવેલી ડી. પી. ગર્લ્સ હાઈસ્કૂલમાં હિંદી ભાષાના શિક્ષક તરીકે મારી નિમણૂક થતાં તા. ૧૫-૬-૧૯૭૦ના રોજ હું હાજર થયો. પ્રથમ દિવસે ક્લાસની છોકરીઓનો મોટા અવાજે શોરબકોર ઘોંઘાટ ચાલુ હતો. તે કેમેય કરીને બંધ થતો ન હતો.

કઠલાલ, હિંમતનગર અને રામોલની કુલ દસ વર્ષની સર્વિસ દરમિયાન વિદ્યાર્થીઓને કાબૂમાં રાખી શકતો હતો, જરૂર પડે ચૌદમા રતન-તાડયનનો આશરો લેવાતો હતો, પરંતુ તે દિવસે તો બાળાઓ સાથે સ્નેહ, સદ્‌ભાવ અને આદરથી જ કામ લેવાનું મારા મનમાં ઊગી રહ્યું હતું. હવે સમજાયું છે કે મારી પ્રકૃતિ ઉપર શ્રીમોટાનો એ પ્રભાવ હતો. મૅનેજમૅન્ટ અને સાથી શિક્ષકગણ દ્વારા જે વિરોધની સ્થિતિનો મારે સામનો કરવો પડેલો તે ધીમે ધીમે શાંત પડ્યો હતો અને ક્લાસમાં પણ શિક્ષણકાર્ય શાંતિથી ચાલ્યું હતું. ઊંચો અવાજ કે હાથ ઉગામવાનું શ્રીમોટાએ મારી પ્રકૃતિમાંથી કાઢી નાખ્યું હતું.

ગયા લેખમાં જણાવ્યા પ્રમાણે સપરિવાર અમે ભાઈ-ભાભી સાથે ગોઠવાઈ ગયાં હતાં. ભાઈએ મને એમની સાઈકલ આપી હતી. તેઓ સિટી બસમાં આશ્રમરોડ ઉપર સર્વિસમાં જઈ શકે તેવી તેમને અનુકૂળતા હતી.

પુત્ર મયૂરને પગે લકવાની સારવાર પ્રીતમ-નગરના અખાડામાં ચાલતી હતી. પ્રીતમ-નગરમાં મ્યુનિ. પ્રાથમિક શાળા પણ હતી. બાળકોને ત્યાં દાખલ કરી શકાય એવો વિચાર હતો. એટલે એ વિસ્તારમાં ભાડાના મકાનની તલાશ શરૂ કરી. શ્રીમોટાને મોખરે રાખી તે માટે પ્રાર્થનાનો પણ સહારો લેવાયો હતો. શ્રીહરિકૃપાથી ૩૦, પ્રીતમનગરના મકાનમાં ભોંયતળિયાની એક રૂમ રસોડાની જગ્યા મળી ગઈ. સ્કૂલનાં આચાર્યા શ્રીમતી મીનળબહેનના રેફરન્સથી કામ સરળ બન્યું. આમ, ત્રણેક માસના ટૂંકા સમયમાં બધું ગોઠવાઈ ગયું. અમે ઠરીઠામ થઈ શક્યાં.

એક દિવસ સ્કૂલનાં આચાર્યાએ પુત્ર મયૂર સાથે મને એમના નિવાસે બોલાવ્યો. ત્યાં પ્રખ્યાત જ્યોતિષી બેજન દારૂવાલાએ મને કહ્યું કે તમારો આ દીકરો તમારી પાસે રૂપિયા સિત્તેર હજાર માગે છે. એટલે એટલી રકમનું દાન સોસાયટીને-સમાજને કરો. મારા માટે એ મુશ્કેલ હતું, એટલે વિકલ્પમાં કૅમ્પના હનુમાને એક પગે લંગડી કરી દર શનિવારે દર્શને જવાનું કહ્યું. ક્યારેક બહારગામ હોઈએ તો ત્યાં હનુમાન તો હોય જ ! મારા માટે તો એ પણ શક્ય ન હતું. અમદાવાદમાં એ પછી શ્રીમોટાને મળવાનું થયું ત્યારે મેં આ બધી વિગત તેઓશ્રીને જણાવી હતી. શ્રીમોટાએ ટૂંકાણથી એટલું જ કહ્યું કે, **'ભઈ, એવાને બહુ મળીએ નહિ.'**

તા. **૨૨-૯-૧૯૭૦**ના રોજ ખેડા જિલ્લાના સારસા ગામે મોટાનો ઉત્સવ હતો. મારા પિતાશ્રી સાથે હું ઉત્સવમાં ગયો હતો. મોટા ભાઈ પ્રભુદાસ આવેલા નહિ. મોટાને અમે પગે લાગ્યા એટલે તેઓશ્રીએ મને કહ્યું, **'ભઈ પગે લાગે મેળ નહિ પડે. તને અમદાવાદમાં નોકરી મળી તેથી હું રાજી થયો છું, પણ હવે તું આશ્રમનું કંઈક કામ કર. પૈસા ઉઘરાવ.'** પછી મારા પિતા સામું જોઈને થોડીક ઉગ્રતા સાથે કહે, 'આમને શું કામ અહીંયાં લાવ્યો ? અહીં પતાસાં વહેંચાય છે ? જેને આવવાનું છે, તે તો નહિ આવ્યો.' (આ અણસાર પ્રભુદાસ તરફનો હતો.)

સારસાના ઉત્સવમાંથી આવીને મેં બધી વિગત પ્રભુદાસને જણાવી. પૈસા ઉઘરાવવાનો મોટાનો શબ્દ જાણે મને છોડતો જ ન હતો. નડિયાદ આશ્રમની પાવતીબુક પ્રભુદાસ પાસે હતી. તે બુક તેમણે મને આપી તો ખરી પણ કોને ઘેર જવું ? કોનાથી શરૂઆત કરવી એની ગડમથલ-મૂંઝવણ મનોમન ચાલતી હતી. ત્યાં ઓચિંતી પ્રેરણા હોય તેમ આચાર્યાના ત્યાં પહોંચી ગયો. તેઓ હાજર ન હતાં, પરંતુ તેમના પતિશ્રીને મેં બધી વાત કરી એટલે સામેથી પાવતીબુક માગી. તેમનો ફાળો લખી શુભ શરૂઆત કરાવી. મને આનંદ થયો. તે પછી તો મિત્રો-સગાં-સ્નેહી એમ બધાંને મળવાનું ચાલુ રાખ્યું. રોજ સવારે સાઈકલ ઉપર નીકળી પડું. અમદાવાદની બધી સ્કૂલો, કૉલેજો, હૉસ્ટેલો, બૅંકો, પોલીસથાણાં એમ ઉઘરાણાનો વેગ વધતો જ ગયો. બહારગામ પણ જઈ સગાંસંબંધી-ઓળખીતાઓને મળી ફાળો એકઠો કરતો.

પ્રથમ પાવતી પૂરી થતાં જે તે રકમ આશ્રમમાં જઈ આપી હતી. ત્યારે આશ્રમે મને ભાડાની રકમ આપી હતી, પણ મને એ રુચેલું નહિ. તે પરત આપી હતી. તે પછી આજ પર્યંત મોટાનાં-આશ્રમનાં કામનો કોઈ ખર્ચ મારાથી લેવાયો નથી. એક રીતે એ જમા પાસું છે. જોકે શ્રીહરિ કોઈનો ભાર માથે રાખતો નથી. ઊલટાનું સવાયુ આપતો હોય છે. એ પણ હકીકત છે. ત્યાર પછી કોઈ સ્વજન આશ્રમ જતું હોય તો તેમના દ્વારા રકમ મોકલતો. મોટા, અમદાવાદમાં હોય અને રૂબરૂ જતો ત્યારે મોટા કહેતા કે ભઈ, તારી રકમ મળી ગઈ છે. કોઈક વખત અમદાવાદમાં મોટાને રૂબરૂમાં રકમ આપતો હતો.

એક વખત નડિયાદ આશ્રમમાં હું મૌનમાં બેઠો હતો, પણ અંદરથી ધક્કો આવતો કે મૌનમાંથી નીકળી જા અને પૈસા ઉઘરાવ. એ પ્રમાણે મૌનમાંથી નીકળી ગયો. અમદાવાદમાં મોટાને મળ્યો તો સીધો જ પ્રશ્ન હતો કે મૌનમાંથી વહેલો કેમ નીકળી ગયો ? મેં સ્પષ્ટતા કરી એટલે મોટા રાજી થયા. સામે બેઠેલાં સ્વજનોને પણ મારી વાત કરી અને મને કહ્યું કે, **તું એક મને માથાનો મળ્યો ! હુકમ પાળનારો. પછી કહે, 'આપણો યજ્ઞ ચાલુ રાખજો.'**

પૂજ્ય શ્રીમોટાએ સમયાંતરે મને જે સૂત્રો લખી આપેલ તે નીચે મુજબ છે :

(૧) પૂજ્ય શ્રીમોટા સાથેના અમારા સપરિવારના ફોટા ઉપર-

**'જીવને પામવાનું જે, તેનું ભાન જગાડજો'**

તા. ૧૬ : ૧૧ : ૧૯૭૦ **મોટા**

(૨) પૂજ્ય શ્રીધૂણીવાળા દાદાજીના ફોટા ઉપર-
**'એને પ્રેમે ભજે તેને, જીવન ફેરવાવશે.'**
તા. ૨૫ : ૧૨ : ૧૯૭૦ **-મોટા**
(૩) પૂજ્ય શ્રીમોટાના એક ફોટા ઉપર-
**'પ્રભુને મોખરે ધારી જીવે જે, જીવતો ખરો.'**
તા. ૧૨ : ૧૧ : ૧૯૭૧ **-મોટા**
(૪) પૂજ્ય શ્રીમોટા સાથેના મારા ફોટા ઉપર-
**'કરતાં કરતાં કર્મ, ભક્તિનો ભાવ તે વિશે,**
**પરોવી જે હૃદે રાખે, યજ્ઞસ્વરૂપ કર્મ તે.'**
તા. ૨૬ : ૧૨ : ૧૯૭૧ **-મોટા**

આ પછી કાળી ચૌદસની રાતે હું નડિયાદ આશ્રમ ગયો હતો. સુરતના સદ્‌ગત શ્રી વૈકુંઠભાઈ ઉપાધ્યાય પણ ત્યાં આવ્યા હતા. શ્રીમોટા, ચૉકમાં સૂતા હતા. તે રાતે આશ્રમની પ્રદક્ષિણા અમે બન્ને બહારના ભાગથી કરતા હતા. એ વખતે પ્રાર્થનાભાવે હું એક કડી ગાયા કરતો હતો કે-**'મારી પર્ણકુટીમાં કોક વાર તો પગલાં ભરજો રામ.'**

એક દિવસ અમદાવાદમાં કાંટાવાળા સાહેબને ઘેર શ્રીમોટાને પગે લાગીને હું બહાર નીકળ્યો એટલે 'જાની...જાની' બોલતા લગભગ દોડતા હોય તે રીતે શ્રી નંદુભાઈ મારી પાછળ આવ્યા. સાઈકલ ઉપરથી ઊતરી હું ઊભો રહ્યો ત્યારે તેઓએ મને કહ્યું કે **મોટા, તમારે ત્યાં રોટલા ખાવા ઈચ્છે છે. તમે સંમતિ આપશો !** હા કહેવી કે ના કહેવી એમાં હું ગૂંચવાયો એટલે મેં કહ્યું કે બે દિવસ પછી જવાબ આપું તો ચાલશે. તેમણે હા પાડી હતી.

મારા એકરૂમ રસોડાના ભાડાના અને તે પણ સુવિધાઓ વિનાના મકાનમાં મોટાની પધરામણી કરાવવા અંગે હું મૂંઝાતો હતો. આખરે અમારાં આચાર્યા પાસેથી મોટાને ભેટમાં મૂકવા સો રૂપિયા ઉછીના લઈ આવ્યો. આડોશ-પાડોશમાંથી ટેબલ-ખુરશી, ટેબલફૅન વગેરે માગી લાવ્યો અને નંદુભાઈને મારી સંમતિ જણાવી.

શ્રીમોટાએ મને કહેલું કે તું તારી સાઈકલ ઉપર મહાજનને ત્યાં આવજે ત્યાંથી અમારી સાથે મોટરમાં તારે ઘેર જઈશું અને પાછા વળતાં પણ અમારી સાથે તું મોટરમાં આવજે ને તારી સાઈકલ ઉપર પાછો જજે. શ્રીમોટાએ મને પૂછેલું કે મોટા ભાઈ આવશેને ? હકીકતમાં મોટા ભાઈની એવી ભાવના હતી કે તમે પરિવાર સાથે મોટાનો સત્સંગ કરો એ કારણે અમે નહિ આવીએ. મોટાને મેં આ વિગત જણાવી એટલે તેઓશ્રીએ કહ્યું કે તેમને કહેજો કે મોટાએ કહેવડાવ્યું છે એટલે આવજો. એ પછી ભાઈભાભી આવ્યાં હતાં. શ્રીમોટાની ખાસ સૂચના હતી કે પ્રસાદમાં ફોતરાંવાળી ખીચડી, દૂધીનું શાક અને ભાખરી જ કરવાની કોઈ જ મીઠાઈ નહિ. ભાભીએ તે મુજબ પ્રસાદ તૈયાર કર્યો હતો.

પ્રસાદ લેવામાં મોટાની સાથે નંદુભાઈ ઉપરાંત, ઈંદુકાકા અને રમકાંત જોષી હતા. પરિવારમાંથી કોઈને સાથે બેસાડવાની મોટાની સૂચના અનુસાર અમારા પિતાશ્રીને પ્રસાદ લેવા સાથે બેસાડ્યા હતા.

મોટાની પધરામણી થઈ ત્યારે ચંદન-ફૂલથી પૂજન કરી **રૂ. ૧૦૧/-ની ભેટ મેં ધરી હતી. 'તું મારું કેટલું બધું કામ કરું છું' એવા ઉદ્‌ગાર સાથે માત્ર એક રૂપિયો મોટાએ સ્વીકાર્યો હતો. મારાં પત્ની ઊર્મિલાએ પોતાનું મંગળસૂત્ર મોટાને પહેરાવ્યું હતું.**

મહાજનના ઘેર પાછા જતી વખતે મકાન માલિક તરફની તકલીફની વાત મારાથી મોટાને

મોટરમાં કહેવાઈ ગઈ. એટલે મોટાએ કહ્યું, **'ભઈ, હવે આ ભાડાના મકાનમાં તું છ મહિના જ છું.'** આ શબ્દ અક્ષરશઃ ચરિતાર્થ થયો હતો. પણ હાલ એની વિગતો આલેખતો નથી.

મહાજનના ગૃહે પહોંચ્યા પછી કોણ જાણે શાથી મારા મનહૃદયમાં એટલો પ્રચંડ ભાવનો ઊભરો આવ્યો કે મોટા પાસે બેસીને ખૂબ મોટા અવાજે લગભગ બરાડા કહેવાય એ પ્રકારે 'ગુરુદેવ હરિઃૐ', 'ગુરુદેવ હરિઃૐ' એમ ક્યાંય સુધી બોલ્યા કર્યો હતો. થોડોક શાંત થયો એટલે મહાજને મને કહ્યું કે આજે મોટાએ તમારામાં કંઈક મૂક્યું છે. થોડા સમય પછી મોટાએ મને કહ્યું, 'તું મારું કહ્યું માને છેને ?' મેં હા પાડી એટલે તેઓએ મંગળસૂત્ર મને પાછું આપ્યું. એ પહેલાં એના ઉપર ક્યાંય સુધી મોટા હાથ ફેરવી રહ્યા હતા એ મારી નજરે પડેલું. બીજે દિવસે ગુરુકૃપા ગેસ્ટહાઉસમાં હું શ્રીમોટાને મળવા ગયો હતો ત્યારે હાથના ઈશારાથી મને પાસે બોલાવી કહેલું કે બીજાના ઘેર હોઈએ ત્યારે ધીમેથી બોલીએ.

સને ૧૯૭૦થી ૧૯૭૬ એટલે કે છ વર્ષ સુધી પૈસા ઉઘરાવવાના કાર્યમાં અનેક પ્રકારના સારા-નરસા અનુભવો થયા હતા. અપમાન અને અવહેલના પણ અનુભવી છે. શ્રી નંદુભાઈએ એને તપ-તિતિક્ષા તરીકે ઓળખાવી હતી. મારા માટે એક પ્રકારનું જીવનનું ઘડતર હતું. એ બધા પ્રસંગોનું આલેખન જરૂરી નથી.

શ્રી ચીમનભાઈ મહાજનને ત્યાં મોટાને માલિશ (માથા ઉપર) કરતી વખતે મોટાને મેં મારી સ્કૂલમાં વર્ષને અંતે બધાંને છૂટા કરતા હોવાની વાત કરી તો મોટાએ કહ્યું, કે ભઈ ! **કોઈનો ડર નહિ રાખવો.** જોકે 'તમારા જેવા સારા શિક્ષકો ના મળે' એવા પ્રશસ્તિના શબ્દો સાથે મને નોકરીમાં ચાલુ રાખેલો. લગભગ તેર વર્ષ સુધી એ સ્કૂલમાં નોકરી કરી હતી. શ્રીમોટાની પધરામણી મારા નિવાસે થઈ હતી ત્યારે સ્કૂલના એક ટ્રસ્ટી અને આચાર્યા પણ દર્શન માટે આવ્યાં હતાં.

શ્રીમોટાએ ૧૯૭૬માં **દેહત્યાગ કર્યો તે પહેલાં** 'હવે આપણો યજ્ઞ ત્વરિત રીતે બંધ કરો.' એમ કહેલું. જોકે શ્રી નંદુભાઈનો પત્ર આવ્યો હતો કે હવે નવી તારીખો નોંધશો નહિ. બહુ દૂરના અંતરે જશો નહિ અને પાંચેક રૂપિયા મળતા હોય ત્યાં પણ ન જશો. પ્રારંભમાં તો એક રૂપિયાનો પણ સ્વીકાર કરી પાવતી આપતો જે શ્રીમોટાને સ્વીકાર્ય હતું. ફાળો ઉઘરાવવાનું કાર્ય મેં બંધ કર્યું ત્યારે જન્મદિન પુણ્યતિથિ વગેરેની કુલ ત્રણેક હજાર તારીખો નોંધાયેલ હતી. કુલ ઉઘરાણાની રકમનો સરવાળો રૂપિયા એક લાખ ઉપર પહોંચી ગયો હતો. આ યજ્ઞ દરમિયાન મને ક્યારેય શરીરના થાકનો કે મનના કંટાળાનો અનુભવ થયો નથી. રોજ વહેલી સવારે સાઇકલ ઉપર નીકળી પડતો. રોજેરોજની તારીખોએ જ જે તે ઘેર પહોંચી જતો. સ્કૂલમાં આ કારણે એક પણ દિવસની રજા પાડી નથી.

જ્યોતિષી બેજન દારૂવાલાના કથન પ્રમાણે રૂપિયા સિત્તેર હજારથી વિશેષ રકમનું સમાજને દાન મારા દ્વારા પૂજ્ય શ્રીમોટાએ કરાવ્યું એનો ખ્યાલ પણ હવે આવે છે.

મૌનરૂમમાં તેમ જ નદી-વનવિસ્તારમાં મોટાની કૃપાથી જે મૌન અનુષ્ઠાન મારાથી થઈ શક્યાં તેની તેમ જ નામસ્મરણનો સ્વજનોમાં ચેપ લગાડવાના મોટાના આદેશની વિગતો અંગે હવે પછી વ્યક્ત થવાની ભાવના છે.

(ક્રમશઃ) ❑



મુખડાની માયા લાગી રે,
મોહન પ્યારા !

મુખડું મેં જોયું તારું, સર્વ જગ થયું ખારું,
મન મારું રહ્યું ન્યારું રે, મોહન પ્યારા !

સંસારીનું સુખ એવું, ઝાંઝવાનાં નીર જેવું,
તેને તુચ્છ કરી ફરીએ રે, મોહન પ્યારા !

મીરાંબાઈ બલિહારી, આશા મને એક તારી,
હવે હું તો બડભાગી રે, મોહન પ્યારા !

- મીરાંબાઈ

*'આશ્રમ ભજનાવલી'* માંથી સાભાર

"RNI No. of RNP is 65683/96
Registered under Postal Registration No. GAMC/1208/2015-2017
Valid upto 31st December -2017 issued by the SSPO's AHMEDABAD City Division,
Permitted to post at Ahmedabad PSO on 10th of every month"
Licence to post without Prepayment of postage No. CPMG/GJ/91/2017
valid upto 31-12-2017

મન કોરા કાગળ જેવું રાખવું.
આખો વખત વિચાર પરંપરા ચાલવા દેવી નહિ.
કાર્ય કરવા માંડો એટલે તરત બધું સમજાઈ જશે.
શ્રદ્ધા રાખો અને ફળ મેળવો.

- શ્રીરંગ અવધૂત

'રંગ સેવા', પૃ. ૪, જૂન-૨૦૧૫



Printed and Published by PRABHUDAS D. JANI on behalf of HARIWANI TRUST and
Printed at Sahitya Mudranalaya Pvt. Ltd., 55/15, City Mill Compound, Kankaria Road,
Ahmedabad - 380 022 and published from Hariwani Trust,
B/5, Swastik Apartment, Narayannagar, Paldi, Ahmedabad - 380 007
Editor - PRABHUDAS D. JANI E-mail : hariwanitrust@gmail.com